સુવિચાર
"કેટલાંક લોકો પાસે બ્લડગ્રૂપ સિવાય બીજું કશું જ પોઝિટિવ હોતું નથી."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૨/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૦૫૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## મહા શિવરાત્રિ પર્વે વરણાંગી, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો સાથે

# અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરમાં યોજાશે લોકડાયરો

નાગનાથ મંદિરને નવોઢા જેવો શણગાર તૈયાર કરવામાં આવી રહ્યો છે


નાગનાથ મંદિરમાં મહા શિવરાત્રિ પર્વે હજારોની સંખ્યામાં શિવભક્તો દર્શન કરી ધન્યતા અનુભવશે

વ્હેલી સવારથી મોડી રાત્રિ સુધી અવિરત દર્શનનો લાભ શિવભક્તોને મળશે

લોકગાયક વિમલ મહેતા અને પ્રયાગ મહેતા દ્વારા લોકડાયરો યોજાશે







અમરેલી, તા. ૧૨

અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સુપ્રસિધ્ધ સ્વયંભુ પ્રગટ થયેલ નાગનાથ મહાદેવ મંદિરમાં આગામીમહાશિવરાત્રિ પર્વનીરવિવારે આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

દરવર્ષનીજેમઆવર્ષેપણ શિવાલયને નવોઢા જેવો શણગાર કરવામાંઆવ્યો છે. મહાશિવરાત્રિ પર્વે અલૌલિકદર્શન, વરણાંગી, મહાઆરતી અને રાત્રિનાં ૮ કલાકે લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. તમામ શિવભકતોને પોતાના હાથે નાગનાથ દાદાની આરતી ઉતારવાનો વ્હાવો મળશે. લોકગાયક વિમલ મહેતા અને પ્રયાગ મહેતા ધ્વારા કાર્યક્રમ રજૂ કરવામાંઆવશે.

તમામ શિવભકતોને મહા શિવરાત્રિનાં પવિત્ર દિવસે તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા નાગનાથ દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, નાગનાથ મંદિરમાં મહા શિવરાત્રિનાંદિવસેવ્હેલીસવારથીમોડી રાત્રિ સુધી શિવભકતો અવિરત ભગવાન ભોળાનાથનાં દર્શન કરી શકશે.

## અરેરાટી : સાવરકુંડલાનાં સીમરણ ગામનાં યુવકે ચાદર વડે ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામે રહેતાં ફિરોજખાન મહેબુબખાન પઠાણ નામનાં ૪૦ વર્ષીય યુવકે તા. ૧૧ના રોજ સવારે ૧૦:૩૦ થી ૧૧ વાગ્યા દરમ્યાન સીમરણ ગામે પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે પોતાના ઘરે શાલ (ચાદર) વડે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
અમરેલી
સ્ટાફ જોઈએ છે
હોસ્ટેલ (ડાયરેક્ટર)
- લાયકાત : ગ્રેજ્યુએટ
- અનુભવ : મીનીમમ – ૫ વર્ષ
- ઉંમર : ૪૦ વર્ષ થી ૫૫ વર્ષ
- રૂબરૂ સંપર્ક કરવો

ઓક્સફર્ડ સ્કુલ ઓફ સાયન્સ
કેરીયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં, અમરેલી.
ફોન : 02792-230010/20
મો : 63529 29855

જોઈએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,42,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. અલ્પેશ કિકાણી – હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ
લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત
તા. ૧૩/૦૨/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૦૪:૩૦ થી ૦૫:૩૦

ડો. જીગર પટેલ – પીડીયાટ્રીક સર્જન
નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૧૩/૦૨/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦

ડો. ડેનિશ સાવલીયા – નેફ્રોલોજીસ્ટ
કિડનીના રોગોના નિષ્ણાંત
તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

ડો. મનિષ પરૂણી – ન્યુરો ફીજીશ્યન
મગજના રોગોના નિષ્ણાંત
તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

ડો. ઉત્સવ ડી. ઉનડકટ – ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ
હૃદયરોગ નિષ્ણાંત
તા. ૧૫/૦૨/૨૦૨૬- રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. ક્રિષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી – ડો. જતીન વખારિયા
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી – ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન

દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી
ડો. સંદીપ ખેની
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત

દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી – ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાનો ચોંકાવનારો આક્ષેપ

# ભાજપનાં કાર્યકરો પાસે લાખોની સંખ્યામાં ફોર્મ–૭ કેવી રીતે આવ્યા ?

**ચૂંટણીપંચ ક્યારેક ૧૨.૫૯ લાખ, ક્યારેક ૯.૫ લાખ અને ક્યારેક ૧.૮૩ લાખનો આંકડો કેમ આપે છે**


**જથ્થાબંધ ફોર્મ–૭ ચૂંટણીપંચમાં કોણે જમા કરાવ્યા તેની વિગત આપવા માંગ કરી**

**જે ચૂંટણી અધિકારીઓની મિલીભગતથી મતદાનનો અધિકાર છીનવવાનો પ્રયાસ થયો છે તેમને છોડવામાં નહી આવે**

**ખોટા ફોર્મ–૭ રજૂ કરનાર ભાજપનાં મળતીયાઓ પર ફોજદારી કાર્યવાહી કરવા માંગ**

અમદાવાદ, તા. ૧૨

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગતના લીધે લાખો નાગરિકોના વોટ ચોરીને ઉજાગર કરી હતી. વારંવાર અનેક વખતે લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા વોટ ચોરીના મુદ્દાને ઉજાગર કરવામાં આવ્યા હતા તેમ ગુજરાત કોંગ્રેસ દ્વારા નવસારી લોકસભાની વોટ ચોરીના ઉદાહરણ આપી ગુજરાતમાં ૧૨%થી વધુ એટલે ૬૨



લાખ જેટલા મતદારો શંકાસ્પદ હોય તેવો દાવો કર્યો હતો. જયારે ગુજરાત રાજયમાં એસ.આઈ.આર.ની ડિસેમ્બરમાં ડ્રાફટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી ત્યારે ૭૪ લાખ જેટલા મતદારો રદ કરવામાં આવ્યા હતા. ખોટા મતદારના ફોર્મ ૭ માટે ચૂંટણી પંચ દ્વારા ૧૮ જાન્યુઆરી સુધીની તારીખ આપવામાં આવી હતી. ચૂંટણીપંચ પાસે ૧૫ જાન્યુઆરી સુધી નહિવત ફોર્મ ૭ આવ્યા હતા અચાનક રાતોરાત જાદુ નથી થયો, સુનિયોજિત ષડયંત્ર હેઠળ લાખો સાચા મતદારોના મત અધિકારને છીનવવાનો પ્રયાસ થયો છે. ચૂંટણી પંચ દ્વારા સહુ પ્રથમ ૧૨,૫૯,૨૨૯ ફોર્મ ૭ના વાંધા આવ્યાની વાત કરવામાં આવી હતી ત્યારબાદ ૯.૫૦ લાખથી વધુ ફોર્મ આવ્યા હતા તેવી વાત કરી હતી અને છેલ્લે ૧,૮૩,૨૩૫ ફોર્મના વાંધા મળ્યા છે તેવી જાહેરાત કરવામાં આવી હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા ફોર્મ ૭ના મુદ્દે અનેકવાર રજૂઆતો કર્યા બાદ વિગતોને છુપાવવામાં આવી હતી.

ભાજપના કાર્યકરો પાસે લાખોની સંખ્યામાં ફોર્મ ૭ કેવી રીતે આવ્યા તે સવાલ છે ? લાખોની સંખ્યામાં કમલમ કાર્યાલયએ પ્રિન્ટેડ ફોર્મ ૭ કયા અધિકારીઓની સહીથી પહોચ્યા હતા ? થપ્પાબંધ ફોર્મ ૭ કોણે ચૂંટણી પંચમાં જમા કરાવ્યા તેની વિગત આપવા અને તેના સીસીટીવી ફૂટેજ જાહેર કરવા માંગ કરી હતી. જેમના નામે ફોર્મ ૭ જમા થયા તે વાતથી અજાણ હોય તેવી વાતો સામે આવી, કેટલાક ભાજપના મળતીયાઓ દ્વારા ખોટી સહીઓ કરવામાં આવી, કયાંક કમલમથી આદેશ હતો તેવા ઓડિયો સામે આવ્યા એટલે ભાજપના કાર્યકરો દ્વારા ફોર્મ ૭ ભરવા આવ્યા હતા. ભાજપના અરજદારો દ્વારા ચૂંટણી પંચના મેળાપીપણાથી પુરાવા વગર, ખોટી સહીઓ, ખોટા અરજદારો ઊભા કરીને, ખોટા સરનામા સાથે થપ્પાબંધ ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. મતદાર યાદી પારદર્શક હોવી જોઈએ ત્યારે ચૂંટણી પંચ સરકારની કટપુતળીની જેમ તેના ઈશારે કામ કરે છે. ચૂંટણી પંચ ખોટા ફોર્મ ૭ મુદ્દે ખોટા વાંધા રજૂ કરનાર ઉપર ફોજદારી તો નથી કરતું પણ સિદ્ધપુરમાં એક મતદાર શંકાસ્પદ હોવાની શંકા ઉપર ફોજદારી કાર્યવાહી કરી નાખી. ગુજરાત કોંગ્રેસના કાર્યકરો દ્વારા રેલીઓ, ધરણા યોજી, ઘર ઘર જઈને સુનિયોજિત ષડયંત્રને ખુલ્લુ પાડવાનું કામ કર્યુ છે. એક પણ સાચા મતદારોનું નામ કોંગ્રેસ રદ થવા નહીં દે. કાયદા અને ભારત ન્યાય સંહિતા મુજબ ખોટા ફોર્મ ૭ ભરવા તે ફોજદારી ગુનો બને છે ત્યારે કમલમ કાર્યાલયના આદેશથી જે વ્યકિતઓ દ્વારા સુનિયોજિત ષડયંત્રના ગુનેગારો સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ. જે ચૂંટણી અધિકારીઓની મિલીભગતથી સુનિયોજિત ષડયંત્ર હેઠળ મતદાન અધિકારને છીનવવાનો પ્રયાસ છે તે અધિકારીઓને છોડવામાં નહીં આવે, જેતે ચૂંટણી પંચના અધિકારીઓ ઉપર પગલા લેવાવા જોઈએ. મતદાનનો અધિકાર છીનવવાના ષડયંત્ર વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં લડવું પડશે તો ત્યાં પણ કોંગ્રેસ લડશે.

ફોર્મ ૭ની ચકાસણીની છેલ્લી તારીખ ૧૦ ફેબ્રુઆરી હતી, તે મુજબ કેટલાક જિલ્લામાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. આણંદ જિલ્લામાં કુલ ૬૯૦૫૭ ફોર્મ ૭ આવ્યા હતા તેમાં માત્ર ૭૪૭ ફોર્મ સ્વીકારમાં આવ્યા હતા, ખેડા જિલ્લા માં કુલ ફોર્મ ૭ ૧૩૫૧૭૪ આવ્યા હતા જેમાં ૧૦૨૫ સ્વીકારવામાં આવ્યા હતા અને ભરૂચ જિલ્લામાં ૯૧૧૬૯ ફોર્મ ૭ના વાંધા આવ્યા હતા તેમાંથી ૮૦૪ સ્વીકારમાં આવ્યા હતા. એટલે ૯૯% ફોર્મ ૭ને રિજેકટ કરવામાં આવ્યા હતા, જેથી માની શકાય ગુજરાતમાં ૯૫ થી ૯૯% ખોટા વાંધાને રિજેકટ કરવામાં આવ્યા હશે.

### વાણિયા શેરીમાં રહેતા રેખાબેન રાઠોડ નામના

## દામનગરનાં ૫૦ વર્ષિય મહિલા કોઈને જાણ કર્યા વગર કયાંક જતાં રહ્યા છે

**કોઈ વિગત જાણવા મળે તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો**

અમરેલી, તા. ૧૨

દામનગર ગામે વાણિયા શેરીમાં રહેતાં રેખાબેન મહેશભાઈ રાઠોડ નામનાં ૫૦ વર્ષિય મહિલા પોતે પોતાની મેળે ગત તા. ૨૭/૧ના રોજ સાંજનાં આઠેક વાગ્યાનાં સમયથી ઘરેથી કોઈને કહયાં વગર કયાંક જતાં



રહેલ છે.

ઉપરનાં ફોટાવાળી મહિલાની ભાળ કે સંભાળ મળી આવે તો દામનગર પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૭૯૨ ૨૨૨૦૧૭ ઉપર અથવા ૬૩૫૯૬ ૨૯૦૬૨ ઉપર સંપર્ક કરવાં યાદીમાં જણાવાયું છે.

### રહેણાંક વિસ્તારમાં બની ઘટના

## અમરેલીનાં જેશીંગપરામાં કારની ગેસની ટાંકી ફાટતા આગ લાગી

**ફાયર ટીમે ગણતરીની મિનિટોમાં આગ કાબુમાં લીધી**

અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરના જેશીંગપરા ખાતે શેર નંબર ૫માં એક ફોરવીલરની ફયુલ ગેસની ટેન્ક બોટલ ફાટવાના કારણે આગ લાગવાની ઘટના બનેલ હતી. જેની જાણે આજે સાંજના સમયે ૭ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનીક કરવામાં આવેલ હતી. જાણ થતાં જ ફાયર ઓફિસ એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી અને આગ પર પાણીનો મારો ચલાવીને ફાયર ટીમે પોતાની સુઝબુજથી આગ પર કાબુ મેળવેલ હતો.

આગ લાગેલ કારની અંદર એસિડ તથા ફિનાઈલ જેવી સ્ફોટક



પ્રવાહી પણ હોય, શરૂઆતમાં આ આગ પર કાબુ મેળવવો કઠિન બન્યો હતો. અને વાતાવરણમાં એસિડ ફેલાય તે પહેલા જ ફાયર બ્રિગેડની સરાહનીય કામગીરી દ્વારા મોટી દુર્ઘટના થતી અટકાવી શકાય છે. તથા આજુબાજુમાં આવેલ રહેણાંક મકાનમાં પણ આગને પ્રસરતા અટકાવેલ હતી. આ સંપુર્ણ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થયેલ નથી.

આ કામગીરીમાં ફાયર સ્ટાફની ટીમના ઓળકિયા કૃષ્ણભાઈ, ભગવતસિંહ ગોહિલ, પ્રવીણભાઈ ચૌહાણ, ચાવડા ધવલભાઈ, કમલેશભાઈ ગિલાધર અને દિલીપસિંહ રાઠોડ વિગેરે કામગીરી કરી હતી.

### રાજસ્થાની આઈસ્ક્રીમ પાર્લરનું બોર્ડ ધરાવતા અને

## ધારીની અજંતા સોસાયટીમાં આઈસ્ક્રીમનું વેચાણ કરી રહેલ છોટા હાથી વાહનમાં આગ લાગી

**પાલિકાનાં કર્મચારીઓએ જેટિંગ મશીનથી આગ પર કાબુ મેળવ્યો**






અમરેલી, તા. ૧૨

ધારીમાં આવેલ અજતા સોસાયટી નજીક આઈસ્ક્રીમનું વેચાણ કરી રહેલ રાજસ્થાની આઈસ્ક્રીમ પાર્લરનું બોર્ડ ધરાવતાં છોટા હાથીમાં અચાનક આગ લાગતા અને નજીકમાં સીએનજી પંપ હોવાથી દોડધામ મચી હતી.

બનાવની જાણ થતાં પાલિકાનાં કર્મચારીઓ ફાયર ફાઈટરની સુવિધાનો અભાવ હોવાથી જેટિંગ મશીન લઈને પહોંચ્યા અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો.

## સરભંડા ખાતે સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર અપાયો





અમરેલી, તા. ૧૨

ફયુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત આયુષ આરોગ્ય મંદિર સરંભડા હેઠળ નોંધાયેલ પરપ્રાંતીય શ્રમિક પરિવારના સગર્ભા બહેનો તેમજ ધાત્રી માતાઓને ગોળ ખજૂર અને સીંગદાળિયાનું પૌષ્ટિક આહારરૂપે તેમજ ૦ થી ૬ માસના બાળકો માટે ઘોડીયાનુ વિતરણ કરવામાં આવ્યું હતું, આ સાથે જ વાડી વિસ્તારના રહેઠાણ દરમિયાન વન્યજીવો સાથે સહજીવીતા જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૌષ્ટિક આહાર અને ઘોડિયાના દાતા મુકેશભાઈ પલાસ (આર.એફ.ઓ.) ગ્લોબલ સોલાર (સાગરભાઈ) કેપ્ટન ટ્રેકટર (હિતેશભાઈ)ને યાદ કરી તેમની સેવા ભાવનાને બિરદાવતા અભિનંદન સહ આભાર વ્યક્ત કરાયો હતો, ગામના ઉપસરપંચ મધુભાઈ હરખાણીએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો.સમગ્ર કાર્યક્રમનું આયોજન ફયુચર ફાઉન્ડેશન દ્વારા આયુષ આરોગ્ય મંદિર સરંભડા સ્ટાફના સહયોગથી કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકકા
Mo. 93770 03636

### ગુજકો માસોલનાં ચેરમેન દિલીપ સંઘાણીએ કેન્દ્ર શરૂ કરાવતા

## સાવરકુંડલાનાં ખેડૂતોની ટેકાનાં ભાવથી સવા પાંચ લાખ ગુણી મગફળીની ખરીદી

**સરકારની ખેડૂતલક્ષી નીતિથી ખેડૂતો ખૂશ**

અમરેલી, તા. ૧૨

ચાલુ વર્ષે સરકાર દ્વારા ટેકાના ભાવથી મગફળી ખરીદવા માટે ગુજકોમાસોલના ચેરમેન અને રાષ્ટ્રીય ક્ષેત્રે સહકારી નેતૃત્વ સંભાળી રહેલા દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન નીચે સાવરકુંડલા માર્કેટયાર્ડમાં બે કેન્દ્રો મંજૂર થયેલ હતાં. આ કેન્દ્રો પરથી મગીફળી ખરીદવાનો પ્રારંભ ધારાસભ્ય મહેશભાઈ કાસવાલાની ઉપસ્થિતિમાં તા. ૯/૧૧/૨૫ ના રોજ થયેલ હતો.

ત્યારબાદ સરકારની ટેકાના ભાવથી મગફળી, મગ, અડદ, ચણા, તુવેર, સોયાબિન વિગેરે ખરીદવાની ઉદાર નીતિ મુજબ સતત સિતેર દિવસ સુધી સાવરકુંડલા માર્કેટયાર્ડના બંને કેન્દ્રો પરથી ટેકાના ભાવથી મગફળી ખરીદવાનું શરૂ રહેતા સાવરકુંડલા તાલુકામાંથી આઠ હજારથી વધારે ખેડૂતોની સવા પાંચ લાખ ગુણી મગફળીની ખરીદી કરવામાં આવેલ છે. જેની કિંમત અંદાજે એકસો બત્રીસ કરોડ થાય છે.

સરકારની નવી દાખલ થયેલ સિસ્ટમ મુજબ આ વખતે ડી.બી.ટી. સિસ્ટમથી ડાયરેક નાફેડ મારફત પેમેન્ટથી મોટાભાગના ખેડૂતોને મગફળી વેચાણના નાણાં પણ સમયસર મળી ગયા છે. સરકારની આવી ખેડૂતલક્ષી ઉદાર નીતિને સાવરકુંડલા તાલુકાના ખેડૂત અગ્રણી અને સાવરકુંડલા માર્કેટ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી અને જીતુભાઈ



કાછડીયા, મહેશભાઈ લાખાણી, દેવાતભાઈ બલદાણિયા, જસુભાઈ ખુમાણ, રાઘવભાઈ સાવલિયા, લાલભાઈ મોર, દુર્લભજીભાઈ કોઠીયા, મહેશભાઈ કાછડિયા, આર.વિ. રાદડિયા, બાબુભાઈ માલાણી, અનિભાઈ માલાણી સહિતના અગ્રણીઓએ આવકારેલ છે.

### એકાદ વર્ષથી રેલ્વે વ્યવહાર બંધ રહ્યા બાદ


## અરે વાહ : ચલાલા–ધારી–વેરાવળ વચ્ચે થોડા દિવસોમાં મીટરગેજ ટ્રેન વ્યવહાર શરૂ થશે

**સાસંદ સુતરીયાની રજુઆત બાદ ટ્રેન શરૂ થશે**

અમરેલી, તા. ૧૨

અમરેલીથી ઉપડતી અમરેલી જુનાગઢ તથા વેરાવળ ટ્રેન આશરે એક વર્ષ પહેલાં બ્રોડગેજમાં રૂપાંતર કરવાનાં કારણે ૬ માસ માટે બંધ કરવામાં આવી હતી. જેને લઈ અમરેલી, ચલાલા ધારીના લોકોમાં ભારે કચવાટ ઉભો થયો હતો. અને સતત ટ્રેનની આવન જાવનથી ધમધમતાં રેલ્વે સ્ટેશન સુમસામ ભાસતાં હતાં.

ત્યારે આ બંધ થયેલ મીટરગેજ ટ્રેન શરૂ કરવા માટે અમરેલીના સાસંદ ભરતભાઈ સુતરીયાને સતત રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારે લોકોની માંગણી સંદર્ભે આ રેલ્વે પ્રશ્ન અમરેલીના સાસંદ દ્વારા લોકસભામાં ઉઠાવવામાં પણ આવ્યો હતો. ત્યારે લાંબા સમયની માંગ પછી આજે એક વર્ષ પહેલાં બંધ થયેલી



મીટરગેજ ટ્રેન ચલાલા સુધી શરૂ થવાની આશા ઉભી થવા પામી છે.

લાંબા સમયથી બંધ કરવામાં આવેલ ટ્રેન ફરી શરૂ કરવા માટે થઈ આજે રેલ્વે વિભાગ દ્વારા રેલ્વે ચલાલાથી વિસાવદર રેલ્વે ટ્રેક પર એન્જીન ચલાવી ટ્રાયલ લેવામાં આવેલ છે. ત્યારે આ સમયે હાજર રેલ્વે અધિકારીને પૂછપરછ કરતા તેઓએ ૮ થી ૧૦ દિવસમાં ચલાલાથી ટ્રેન રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે તેવી વિગત આપતાં લોકોમાં હરખની હેલી જોવા મળી હતી.

આ પંથકને બ્રોડગેજ રેલ્વે મળે ત્યારે ખરૂં પરંતુ છેલ્લા એકવર્ષથી બંધ પડેલ માત્ર મીટરગેજ ટ્રેન શરૂ થવાની વાતથી પણ લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. અને છેલ્લા એક વર્ષ પહેલાં સતત ટ્રેનની આવન જાવનથી ધમધમતાં રેલ્વે સ્ટેશન સુમસામ ભાસતાં હતાં. તે ફરી ધમધમતાં થઈ જશે.

## ગાવડકા ખાતે આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૨

ગાવડકા પ્રાથમિક શાળા ખાતે આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત અમરેલી તેમજ ફયુચર ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આયુષ અવરનેસ કેમ્પ અંતર્ગત આયુર્વેદનું મહત્વ અને તેની ઉપયોગીતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જુદી જુદી બીમારીઓ ધરાવતા દર્દીઓએ બહોળી સંખ્યામાં નિદાન અને સારવાર કેમ્પનો લાભ લીધો હતો.

## દર મહિને મામુલી વેતનમાં ફરજ બજાવતી મહિલાઓમાં રોષની આંધી

# ફૂલ નહી ચિંગારી હૈ, હમ ભારત કી નારી હૈ : આંગણવાડી વર્કર

**અપુરતા વેતન અને જરૂરી સુવિધાનાં અભાવે મજબુરીવશ ફરજ બજાવતી મહિલાઓએ ન્યાયની કરી માંગ**

**રાષ્ટ્રિય ટ્રેડ યુનિયન દ્વારા દેશભરમાં વિવિધ માંગોને લઈને રોષભેર આવેદનપત્ર પાઠવાયા**

**ન્યાય ન મળે તો ગાંધીનગર અને છેલ્લે નવી દિલ્હી સુધી જવાની તૈયારી મહિલાઓએ દર્શાવી**

**ઘણા મહિનાઓથી મહિલાઓ પુરતા વેતન સહિતની માંગ કરતી હોય સરકાર સાંભળતી નથી**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા, રાજુ વાળા–ખાંભા

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં આજે આંગણવાડી વર્કર મહિલાઓએ ફૂલ નહી ચિંગારી હૈ, હમ ભારત કી નારી હૈ થી વાતાવરણ ગરમ કર્યુ હતું.

રાષ્ટ્રીય ટ્રેડ યુનિયન દ્વારા આજે ૧૨ ફેબ્રુઆરીએ વિવિધ માંગણીઓ સંદર્ભે સીડીપીઓને એક આવેદનપત્ર પાઠવવાનો કાર્યક્રમ જિલ્લા કક્ષાએ યોજાયો હતો. જે કાર્યક્રમને ટેકો આપી અમરેલી જીલ્લાના આંગણવાડી વર્કર અને હેલ્પરો દ્વારા વિરોધ પ્રદર્શન કરી વિવિધ માંગણી સાથેનું આવેદનપત્ર પાઠવવામાં આવેલ હતું.

આજે અમરેલી, બગસરા સહિતના આંગણવાડી વર્કરો દ્વારા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, આંગણવાડી વકર્સ અને હેલ્પર્સની માંગણીઓના સંતોષાતા કામથી અળગા રહેવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તેમજ નવી એપ્લિકેશનથી કામનો બોજ અને માનસિક સ્થિતિ અંગે આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી હતી.

આજે અમરેલીમાં યોજાયેલ કાર્યક્રમમાં આંગણવાડી વર્કર, હેલ્પરો દ્વારા સુત્રોચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું અને પોતાના હક્કની માંગણીઓને લઈને વર્કર્સ તથા હેલ્પરો સરકાર સમક્ષ આશાઓ વ્યકત કરી હતી અને ન્યાય ન મળે તો આગામી દિવસોમાં ગાંધીનગર અને છેલ્લે નવી દિલ્હી સુધી જવાની તૈયારી પણ મહિલાઓએ દર્શાવી હતી.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર – હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫, બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/-
PF કાપવાપાત્ર રહેશે.
ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ, રિચાર્જેબલ, બ્લુટૂથ ટેકનોલોજી, AI ટેકનોલોજી, બેસ્ટ સાઉન્ડ કવોલિટી, વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Hero
नए रिश्तों की शुरूआत, हीरो पे सवार.
Exchange Offer ₹2500
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

HONDA
महा शिवरात्रि
મહા શિવરાત્રિના પાવન પર્વ પર,
Honda બાઇક અને સ્કૂટર પર મહા ડિસ્કાઉન્ટ
આજેજ ઘરે લાવો તમારી મનપસંદ રાઇડ!"
Discount ₹6500/- | Discount ₹4000/- | Discount ₹3500/- | Discount ₹3500/-
Shine 100 | Dio 125 | Activa 110 | Activa 125
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ખુલાસો કર્યો

# બાંગ્લાદેશની જેમ ભારતને પણ મળશે ઝીરો ટેરિફનો લાભ

## ભારતના કાપડ સેક્ટરને વધુ લાભો મળશે : કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ

નવી દિલ્હી, તા.૧૨

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી ભારતને એક પછી એક રાહતો મળી રહી છે. પહેલા ભારત-અમેરિકા ડીલની ફેક્ટશીટમાં મોટા બદલાવ કરવામાં આવ્યા, જેમાં કેટલીક શરતોમાં છૂટ આપવામાં આવી અને હવે એક દિવસ પછી વધુ છૂટછાટો મળવાની અપેક્ષા જોવા મળી રહી છે. આ સંબંધમાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ખુલાસો કર્યો છે. ગુરુવારે તેમણે કહ્યું કે, ભારતના કાપડ સેક્ટરને વધુ લાભો મળશે, જે અમેરિકા દ્વારા બાંગ્લાદેશને આપવામાં આવ્યા છે.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાતચીતમાં મુખ્ય ભૂમિકા ભજવતા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે સંકેત આપ્યો કે, બાંગ્લાદેશની જેમ ભારતીય ટેક્સટાઈલ સેક્ટરને અંતિમ કરાર પર હસ્તાક્ષર થયા બાદ શૂન્ય ટેરિફ (Zero US Tariff)ની સુવિધા મળવાની અપેક્ષા છે. તેમના આ નિવેદનથી ભારતીય કાપડ નિકાસકારોને મોટી રાહત મળશે, કારણ કે અમેરિકા-બાંગ્લાદેશ ટ્રેડ ડીલે આ બિઝનેસ સામે મોટા પડકારો ઉભા કર્યા છે.

પિયુષ ગોયલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે India-US Trade Dealને લઈ રાજકીય વર્તુળોમાં પણ શબ્દયુદ્ધ ચાલી રહ્યું છે. નોંધનીય છે કે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે થયેલ આ કરાર ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ સંપૂર્ણ શરણાગતિ છે. હવે પિયુષ ગોયલે તેમના નિવેદનની ટીકા કરતા કહ્યું છે કે, તેમણે સંસદમાં વધુ એક જુઠ્ઠાણું ફેલાવ્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભારતની તુલનામાં બાંગ્લાદેશને ટ્રેડ ડીલથી વધુ ફાયદો થયો છે.

વાણિજ્ય મંત્રીએ વધુમાં કહ્યું કે, જે પ્રકારે બાંગ્લાદેશને સુવિધા મળી છે કે જો અમેરિકાથી કાચો માલ ખરીદવામાં આવે અને તેને પ્રોસેસ કરીને કપડાં તૈયાર કરીને નિકાસ કરવામાં આવે, તો તેના પર કોઈ ટેરિફ લાગતો નથી. તેમણે ઉમેર્યું કે, ભારતને પણ આ જ પ્રકારની સુવિધા મળશે.

આ સંબંધમાં વિગતવાર માહિતી આપતા પીયૂષ ગોયલે સ્પષ્ટ કર્યું કે, આ ભાગ ગયા અઠવાડિયે બન્ને દેશો દ્વારા જાહેર કરાયેલા વચગાળાના વેપાર કરારના ફ્રેમવર્કમાં કદાચ સામેલ ન હોઈ શકે, પરંતુ તે અંતિમ કરારમાં ચોક્કસપણે સામેલ હશે. તેમણે કહ્યું કે, હાલમાં અમારો વેપાર કરાર તૈયાર થઈ રહ્યો છે અને જ્યારે આ વચગાળાનો કરાર અંતિમ સ્વરૂપ લેશે, ત્યારે તમને તેની દરેક ઝીણવટભરી વિગતો સમજામાં આવશે.

ભારત માટે પીયૂષ ગોયલનું આ નિવેદન અત્યંત મહત્વનું છે, કારણ કે અંતિમ કરારમાં આ જોગવાઈ ઉમેરવાથી ટેક્સટાઈલ સેક્ટરને મોટી રાહત મળશે. નોંધનીય છે કે, અમેરિકા ભારતના કાપડની નિકાસ માટે સૌથી મોટું બજાર છે.

દેશમાંથી નિકાસ થતા કુલ કાપડ અને વસ્ત્રોના શિપમેન્ટનો ૩૦% ભાગ અમેરિકા પહોંચે છે. ગયા અઠવાડિયે ભારત અને અમેરિકા વચ્ચેની ડીલ બાદ કાપડ નિકાસકારોમાં ખુશી લહેર જોવા મળી, કારણ કે ટ્રમ્પે ટેરિફ ૫૦% થી ઘટાડીને ૧૮% કરી દીધો હતો. જો કે, આ દરમિયાન સમાચાર આવ્યા હતા કે અમેરિકન કપાસમાંથી બનેલા બાંગ્લાદેશી વસ્ત્રો પર ઝીરો ડ્યુટી લાગશે. આનાથી એવી ચિંતા વધી હતી કે, જો બાંગ્લાદેશી કપડાં પર કોઈ ટેક્સ નહીં લાગે, તો ભારતીય કપડાં પર ૧૮% ટેક્સ હોવાને કારણે આપણે સ્પર્ધામાં ટકી શકીશું નહીં.

પિયૂષ ગોયલે વધુમાં જણાવ્યું હતું કે આ કરારનું માળખું હાલમાં તૈયાર થઈ રહ્યું છે અને વચગાળાનો કરાર પૂર્ણ થયા બાદ તેની તમામ શરતો જાહેર કરવામાં આવશે. તેમણે દેશના ખેડૂતોને પણ આશ્વાસન આપ્યું હતું કે આ વેપાર કરારમાંથી ૯૦ થી ૯૫ ટકા કૃષિ ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે, જેથી ભારતીય કૃષિ ક્ષેત્રને કોઈ નુકસાન ન થાય.સરકારના જણાવ્યા મુજબ, આ પગલાથી ભારતીય નિકાસકારોને નવી તકો મળશે અને સાથે સાથે ખેડૂતોના હિતોનું પણ પૂરતું રક્ષણ થશે. કુલ મળીને, ભારત–અમેરિકા વચ્ચેનો આ ઝીરો-ડ્યુટી સોદો દેશના કાપડ ઉદ્યોગ અને નિકાસ ક્ષેત્ર માટે હકારાત્મક સાબિત થવાની આશા છે.

### કોંગ્રેસમાં ફરી ખુરશી માટે ખેંચતાણ?

# ૮૦ ધારાસભ્યોના સમર્થનના દાવા વચ્ચે દિલ્હીમાં ડિકે શિવકુમારની બેઠક

## જો કે શિવકુમારે કહ્યું છે કે આ મુલાકાત હાલ ચાલતા રાજનૈતિક મામલાઓ પર ફોકસ કરવા માટે હતી

નવી દિલ્હી, તા.૧૨

કર્ણાટકમાં સત્તા માટે અંદર ખાને સમરાંગણ ચાલી રહ્યું છે. CM સિદ્ધારમૈયાના સમર્થકો ઈચ્છી રહ્યા છે તે ૫ વર્ષ સુધી મુખ્યમંત્રી પદ પર યથાવત રહે. જ્યારે ડીકે શિવકુમારના સમર્થકો તેમણે મુખ્યમંત્રી બનાવવાની તીવ્ર માગ કરી રહ્યા છે. તો બીજી તરફ ત્રીજો મોરચો પણ એક્ટિવ થઈ ગયો છે. આ વચ્ચે હવે ડીકે શિવકુમારે દિલ્હી કોંગ્રેસના હાઈકમાન્ડ સાથે મુલાકાત કરી છે. જે બાદ ફરી અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે. જો કે શિવકુમારે કહ્યું છે કે આ મુલાકાત હાલ ચાલતા રાજનૈતિક મામલાઓ પર ફોકસ કરવા માટે હતી.

AICCની બેઠક બાદ શિવકુમારે કહ્યું કે, મને નથી લાગતું કે મારે એ બતાવવાની જરૂર છે કે ૧૦ જનપથની અંદર હું કોને મળ્યો, અમે રસ્તા પર રાજકારણની વાતો કરવા તૈયાર નથી. હું અમારા હાઈકમાન્ડને મળ્યો છું. જે વાત કરવાની હતી તે કરી છે. જેમાં ઘણી ચર્ચાઓ થઈ, મારે એ પણ બતાવવાની જરૂર નથી કે અમે અહીં હાલની રાજનૈતિક સ્થિતિઓ અંગે ચર્ચા કરી, માત્ર હવા લેવા માટે આવ્યા ન હતા.

જણાવી દઈએ કે કોંગ્રેસમાં અંદરખાને ડખો ગત નવેમ્બર ૨૦૨૫થી ચાલુ થયો, જ્યારે કર્ણાટક સરકાર તેના પાંચ વર્ષના શાસનકાળની અધવચ્ચે પહોંચી ગઈ. નવા મુખ્યમંત્રી માટે સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર સાથે ગૃહમંત્રી જી પરમેશ્વર પણ ટોપ લિસ્ટમાં ચર્ચાઈ રહ્યા છે. આ પહેલા કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય ઈકબાલ હુસેને કહ્યું હતું કે, ઓછામાં ઓછા ૮૦ ધારાસભ્યોએ મુખ્યમંત્રીના પદ માટે શિવકુમારનું નામ આગળ ધપાવ્યું છે. ઈકબાલ હુસેને કોંગ્રેસના સ્ન્ઝ યતીન્દ્ર સિદ્ધારમૈયાને તેમના પિતા અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પક્ષમાં સતત નિવેદન આપવા માટે ઝાટકણી કાઢી હતી અને તેમણે શિસ્તનું પાલન કરવા પર સૂચન કર્યું હતું. સાથે એ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ હાઈકમાન્ડનો નિર્ણય શિરોમાન્ય રહેશે. ૮૦-૯૦ સ્ન્છજએ હાઈકમાન્ડને શિવકુમારને મુખ્યમંત્રી બનાવાય માટે રજૂઆત કરી છે. કોંગ્રસ એક શિસ્તબદ્ધ પાર્ટી છે માટે તમામ તે પ્રમાણે વર્તન કરવું પડશે. અમને યતીન્દ્ર સિદ્ધારમૈયાનું વાંરવાર પોતાના પિતાનું સમર્થન કરવું અને હાઈ કમાન્ડને શરમમાં મૂકવાએ પસંદ નથી. દરેક પિતા તેના દીકરાની પ્રેમ કરે છે. અને દીકરો પિતાથી પણ પ્રેમ કરે છે. અને દીકરો પિતાથી પણ રાજકારણમાં આપણે શિસ્ત જાળવીને કામ કરવું પડશે. અન્યને ભડકાવનારા નિવેદનોથી દૂર રહેવું પડશે.

અમારા બધાના દિલમાં એક જ વાત છે કે એક વખત શિવકુમારને પણ મોકો મળવો જોઈએ. બધા એ જ ઈચ્છે છે. પણ નિવેદનબાજીથી મુંઝવણ ઊભી ન કરવી જોઈએ. એટલા માટે હાલ બધા ચૂપ છે. કેટલાક લોકો વચ્ચે વચ્ચે બોલી રહ્યા છે. હું અંગત પણે માનું છું કે શિવકુમારને આ જ કાર્યકાળમાં તક મળવી જોઈએ.

### ભાજપના સાંસદે નોટિસ આપી

# રાહુલ ગાંધીને ચૂંટણી લડવા પર આજીવન રોક લગાવો

## ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ સબ્સટેંટિવ મોશન લાવવાની નોટિસ આપી

નવી દિલ્હી, તા.૧૨

સંસદનું આ બજેટ સત્ર અત્યાર સુધીમાં ખૂબ જ હોબાળો અને સનસનીખેજ રહ્યું છે. હવે ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ એક પ્રસ્તાવની નોટિસ આપી છે. ભાજપ સાંસદે રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો છે કે તેમને ભારત વિરોધી તત્ત્વો સાથે મિલિભગત છે. આવા સમયે તેમની લોકસભા સદસ્યતા રદ થવી જોઈએ, સાથે જ કોંગ્રેસ સાંસદને આજીવન ચૂંટણી લડતા પણ રોકવામાં આવે તેવી ભાજપના સાંસદે વાત કહી છે.

ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ ગુરુવારે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ સબ્સટેંટિવ મોશન લાવવાની નોટિસ આપી છે અને તેમની સંસદ સદસ્યતા રદ કરવાની સાથે આજીવન ચૂંટણી લડવા માટે અયોગ્ય ઘોષિત કરવાની માગ કરી છે. સંસદ પરિસરમાં ભાજપ સાંસદે કહ્યું કે, તેમણે પોતાની નોટિસમાં રાહુલ ગાંધીની વિદેશ મુલાકાત અને કથિત રીતે સોરોસ ફાઉન્ડેશન, યુએસએઆઈડી અને ફોર્ડ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો સાથે સંપર્કનો ઉલ્લેખ કર્યો છે. દુબેએ આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધી થાઈલેન્ડ, વિયતનામ અને કંબોડિયા જેવા દેશોની યાત્રા દરમ્યાન ભારત વિરોધી તત્ત્વો સાથે મિલીભગત કરે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ કોઈ વિશેષાધિકાર પ્રસ્તાવ નથી, પણ એક સ્વતંત્ર અને આત્મનિર્ભર પ્રસ્તાવ એટલે કે સબ્સટેંટિવ મોશન છે, જેનો ઉદ્દેશ્ય સદન સમક્ષ નિર્ણય અથવા મત વ્યક્ત કરવાનો હોય છે.ભાજપ સાંસદે કહ્યું કે, મેં સબ્સટેંટિવ મોશનની નોટિસ આપી છે, જેમાં રાહુલ ગાંધીની ગતિવિધિઓ અને વિદેશી સંગઠનો સાથે કથિત સંબંધોનો ઉલ્લેખ છે. તેના આધાર પર તેમની લોકસભા સદસ્યતા રદ થવી જોઈએ અને તેમને જીવનભર ચૂંટણી લડતા રોકવામાં આવે. કોંગ્રેસ તરફથી આ આરોપ પર તત્કાળ કોઈ પ્રતિક્રિયા સામે નથી આવી. તો વળી રાજનીતિક વિશ્લેષકો આને સંસદમાં ચાલી રહેલા અથડામણ વચ્ચે નવા ચેપ્ટર તરીકે જોઈ રહ્યા છે, વિપક્ષી પાર્ટીઓનો આરોપ છે કે સરકાર અસહમતિની અવાજને દબાવવાની કોશિશ કરી રહી છે, જ્યારે ભાજપના નેતાઓનું કહેવું છે કે રાષ્ટ્રીય હિત સાથે જોડાયેલા મામલામાં જવાબદારી જરૂરી છે. હવે બધાની નજર એ વાત પર છે કે સ્પીકર અને સદન આ નોટિસ પર શું એક્શન લે છે અને શું તેને આગળની કાર્યવાહી માટે સ્વીકાર કરવામાં આવે છે કે નહીં. લોકસભામાં કેન્દ્રીય બજેટ પર ચર્ચા દરમ્યાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભારત-અમેરિકા ટ્રેડ ડીલને આત્મસમર્પણ ગણાવતા આરોપ લગાવ્યો કે આ ડીલ દ્વારા ભારતની ઊર્જા સુરક્ષા અમેરિકાના હવાલે કરી દીધી છે અને ખેડૂતોના હિતો સાથે સમાધાન કર્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ડીલ અંતર્ગત ભારતીય હિતોની ભાજપની ફાઈનાન્શિયલ સ્ટ્રક્ચર બચાવવા માટે ગિરવે મૂકી દીધી છે. તેમણે માર્શલ આર્ટનું ઉદાહરણ આપતા કહ્યું કે, પહેલા પકડ બનાવવામાં આવે છે, પછી ગળું દબાવવામાં આવે છે અને છેલ્લે સામેવાળો હાર માની લે છે.

### હાઈકોર્ટે કહ્યું- ૨૫ વખત તો તક આપી...

# રાજપાલ યાદવને મોટો ઝટકો! હજુ પણ જેલમાં જ રહેવું પડશે

## બોલિવૂડના સ્ટાર કોમેડિયન રાજપાલ યાદવ હાલમાં ચેક બાઉન્સ કેસને કારણે કાયદાકીય મુશ્કેલીમાં સપડાયા

મુંબઈ, તા.૧૨

બોલિવૂડના સ્ટાર કોમેડિયન રાજપાલ યાદવ હાલમાં ચેક બાઉન્સ કેસને કારણે કાયદાકીય મુશ્કેલીમાં સપડાયા છે. આ કેસ ૧૫ વર્ષ જૂનો છે. ૨૦૧૦માં રાજપાલ યાદવે પોતાની ફિલ્મ અતા પતા લાપતા બનાવવા માટે દિલ્હીના એક બિઝનેસમેન (મુરાલી પ્રોજેક્ટ્સ) પાસેથી ૫ કરોડ રૂપિયાની લોન લીધી હતી. આ લોલ ચૂકવવામાં અસમર્થ હોવાના કારણે રાજપાલ યાદવે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ દિલ્હીની તિહાર જેલમાં અધિકારીઓ સામે આત્મસમર્પણ કરવું પડ્યું હતું. આજે તેમની જામીન અરજી પર સુનાવણી ચાલી રહી છે. જ્યાં લોન ન ચૂકવવાના કારણે હાઈકોર્ટે રાજપાલ યાદવને ફિટકાર લગાવી છે. કોર્ટે રાજપાલ યાદવને જામીન આપવાનો ઈનકાર કર્યો છે તથા આ કેસમાં હવે સોમવારે સુનાવણી થશે. ત્યાં સુધી રાજપાલ યાદવે જેલમાં જ રહેવું પડશે. દિલ્હી હાઈકોર્ટે રાજપાલ યાદવને પૂછ્યું કે, તમે પોતાની સજા રદ કરવાની માગ શા માટે કરી રહ્યા છો? જ્યારે તમે ખુદ એ વાત સ્વીકાર કરી ચૂક્યા છો કે, તમે પૈસા ઉધાર લીધા હતા. તમે ગુનો કબૂલ કર્યો હતો અને ચૂકવણી કરવાનું વચન આપ્યું હતું. હવે જ્યારે તમને સજા ફટકારવામાં આવી છે, તો તમે સજા રોકવાની વાત કરી રહ્યા છો.રાજપાલ યાદવના વકીલે કહ્યું કે, અમે એ જ તારીખે કહ્યું હતું કે, અમે મામલો સેટલ કરવા માગીએ છીએ. રાજપાલે કોર્ટમાં કહેલા પોતાના શબ્દોનું માન રાખવા માટે આત્મસમર્પણ કર્યું છે. ફિલ્મમાં જે ૫ કરોડની રકમ ઈન્વેસ્ટ કરી હતી, તે ચૂકવવા માગીએ છીએ. ૩ કરોડથી વધુની રકમ ચૂકવી દેવામાં આવી છે. હાઈકોર્ટે કહ્યું કે, મને એ નથી સમજાતું કે આ ચર્ચા શા માટે થઈ રહી છે? તમે અરજી દાખલ કરી હતી. જજે કહ્યું હતું કે, તેઓ હસ્તક્ષેપ નહીં કરશે. તમે કહ્યું હતું કે, તમે પૈસા ચૂકવશો. પછી વર્ષો સુધી તમે પૈસા ન ચૂકવ્યા. આદેશની અવગણનાના કારણે તમારે આત્મસમર્પણ કરવું પડ્યું. તમે છેલ્લો ઓર્ડર જોઈ લો. તમે કહ્યું હતું કે, એક ખરેખર ટ્રાન્જેક્શન થયુ હતું. જ્યાં ફિલ્મના પ્રોડક્શન માટે નાણાં પૂરા પાડવામાં આવ્યા હતા. કોર્ટે નોટિસ કર્યું કે તમે સેટલમેન્ટની શક્યતાઓ શોધી રહ્યા છો. મને આ મામલે હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ નજર નથી આવી રહ્યું. તમે મીડિએશન સેન્ટર ગયા અને ત્યાં ચૂકવણી કરવાનું વચન આપ્યું. તમને ૨૫-૩૦ તકો આપવામાં આવી હતી. હવે શું તમે આ કેસને રી-ઓપન કરવા માગો છો? તમે ચૂકવણી કરવામાં વિલંબ કેમ કર્યો, તેની જાણકારી આપવી પડશે. હું તમારી સાથે સહાનુભૂતિ વ્યક્ત કરી શકું છું, પરંતુ કાયદો કાયદો છે.રાજપાલ યાદવના વકીલે કહ્યું કે, અરજદારે ૨.૧૦ કરોડ જમા કરવાના છે. અમને ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને પબ્લિક તરફથી મદદ મળી રહી છે. હાઈકોર્ટ કહ્યું કે, આનો કોઈ પણ બાબત સાથે શું સંબંધ છે? તમે ૨૫ વાર કહ્યું છે કે આ લોન છે. જો તેઓ આ રકમ ચૂકવવા તૈયાર છે, તો અમે આગળ સુનાવણી ચાલુ રાખીશું.રાજપાલ યાદનના વકીલે કહ્યું કે, અમે કોર્ટમાં સિક્યોરિટી અમાઉન્ટ જમા કરાવવા તૈયાર છીએ. પરંતુ રાજપાલના પરિવારમાં લગ્ન છે, તેથી અમને જામીનની જરૂર છે.

### ૧૦ મહિના રહીને હવે બનેવી સાથે ભાગી

# સાસુએ પહેલા જમાઈને ફસાવ્યો અને હવે બનેવી સાથે થઈ રફુચક્કર

## રાહુલે એવો પણ આરોપ લગાવ્યો કે આ મહિલા ઘરમાંથી કેશ અને દાગીના લઈને ભાગી ગઈ છે

લખનૌ, તા.૧૨

લો કરી લો વાત. લગભગ ૧૦ મહિના પહેલા એવા સમાચાર જ્યારે આવ્યા હતા કે એક સાસુ તેના ભાવિ જમાઈ સાથે ભાગી ગઈ ત્યારે યુપીની સાથે સાથે સમગ્ર દેશમાં ચકચાર મચી ગઈ હતી. આ મામલો ખુબ જ ચર્ચામાં આવી ગયો હતો. પરંતુ હવે આ કેસમાં ૩૬૦ ડિગ્રી જેટલો મોટો વળાંક આવ્યો છે. કારણ કે હવે એવા સમાચાર છે કે દીકરીના હક પર તરાપ મારી ચૂકેલી આ મહિલાએ હવે તેની બહેનના હક પર તરાપ મારી છે. એટલે કે તેના બનેવી સાથે ભાગી ગઈ છે. જાણો શું છે સમગ્ર વિગતો.ઉત્તર પ્રદેશના અલીગઢમાં લગભગ ૧૦ મહિના પહેલા આ મહિલા તેના ઘરમાં દીકરીના લગ્નની તૈયારીઓ ચાલતી હતી અને અચાનક તેના ભાવિ જમાઈ સાથે જ ભાગી ગઈ હતી. ભાગીને બંને બિહારના સીતામઢીમાં રહેતા હતાં જ્યાં જમાઈ રાહુલ કપડાંનો વેપાર કરતો હોવાનું જાણવા મળ્યું છે. હવે આ કેસમાં નવો વળાંક એ આવ્યો છે કે રાહુલે પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ નોંધાવી છે કે આ સાસુ હવે તેના બનેવીની સાથે ભાગી ગઈ છે. તેની સાથે બે લાખ રૂપિયા અને દાગીના લઈને પણ જતી રહી છે. અલીગઢના મડરાક વિસ્તારમાં એક ગામમાં રહેતી મહિલા એપ્રિલ ૨૦૨૫માં તેના ભાવિ જમાઈ રાહુલ સાથે ભાગી ગઈ હતી. થોડા દિવસો બાદ તે પોતે જ પાછી ફરી હતી અને રાહુલ સાથે રહેવા માટે મક્કમ હતી. કાઉન્સિલિંગ બાદ પોલીસે બંનેને સાથે રહેવાની મંજૂરી પણ આપી દીધી હતી.

મહિલાની દીકરીના ૧૬ એપ્રિલે લગ્ન હતા. ઘરમાં લગ્નનો માહોલ હતો, તૈયારીઓ થઈ રહી હતી અને સગાવ્હાલાઓની અવરજવર ચાલુ હતી. પરંતુ લગ્નના ૧૨ દિવસ પહેલા જ એવું થયું કે જેની કોઈએ કલ્પના પણ ન કરી હોય. જે યુવક સાથે દીકરીના લગ્ન થવાના હતા તેની સાથે જ માતા ભાગી ગઈ. આરોપ એવો પણ હતો કે તે ઘરમાંથી લાખો રૂપિયા અને દાગીના તથા કેશ લઈને ભાગી ગઈ. પરિવારનો દાવો હતો કે લગભગ પાંચ લાખ રૂપિયાના દાગીના અને સાડા ત્રણ લાખ રૂપિયા કેશ ગાયબ હતા. દીકરીએ તો મીડિયા સામે કહી દીધુ હતુ કે માતા ઘરમાં દસ રૂપિયા પણ રાખીને ગઈ નથી. પરિવારના જણાવ્યાં મુજબ રાહુલેને મહિલાએ સ્માર્ટફોન અપાવ્યો હતો. ધીરે ધીરે ફોન પર વાતચીત વધી કલાકો વાત થતી. મહિલાના પતિએ તો એવો પણ આરોપ લગાવ્યો કે તે જ્યારે લગ્નની તૈયારીઓ મામલે ઘરે આવ્યો ત્યારે તેને ખબર પડી કે પત્ની અને રાહુલ વચ્ચે ૧૫-૨૦ કલાક ફોન પર વાત થાય છે. પહેલા તેને સામાન્ય લાગી પરંતુ પછી શક થવા લાગ્યો હતો.

લગભગ દસ મહિના બંને બિહારમાં સાથે રહ્યા બાદ આ પ્રેમકથામાં નવો વળાંકઆવ્યો છે. સ્થાનિક સૂત્રો મુજબ તેઓ પતિ પત્નીની જેમ જ રહેતા હતા. પરંતુ હાલમાં રાહુલે આરોપ લગાવ્યો કે મહિલા તેને છોડીને તેના જીજા સાથે જતી રહી છે. રાહુલનું કહેવું છે કે જતી વખતેતે બે લાખ રૂપિયા કેશ અને કેટલાક દાગીના પણ લેતી ગઈ છે. રાહુલે કહ્યું કે મે તેના માટે મારું ઘર છોડ્યું, સમાજની વાતો સાંભળી અને હવે તે મને છોડીને જતી રહી. રાહુલના જણાવ્યાં મુજબ મહિલા અનેક દિવસોથી દીકરી, બહેન અને બનેવીના સંપર્કમાં હતી. તેની બહેને તેને ધમકી આપી હતી, પરંતુ બાદમાં વાતચીતથી મામલો ઉકેલાયો હતો. છ ફેબ્રુઆરીએ જ્યારે રાહુલ કામ પર ગયો તો ત્યારે તેનો બનેવી ઘરે આવ્યો અને મહિલાને ફોસલાવીને તેની સાથે લઈ ગયો. મહિલા તેની સાથે કેશઅને દાગીના લઈ ગઈ એવો પણ આરોપ છે.

રાહુલ અલીગઢ પહોંચ્યો અને પોલીસ સ્ટેશન દાદોમાં ફરિયાદ નોંધાવવાની કોશિશ કરી. પરંતુ પોલીસે અધિકારક્ષેત્રનો હવાલો આપતા ક હ્યું કે આ મામલો બિહારમાં ઘટ્યો છે. આથી ત્યાંની પોલીસ કાર્યવાહી કરશે. હવે રાહુલ બિહાર જઈને ફરિયાદ નોંધાવવાની તૈયારીમાં છે. મીડિયા રિપોર્ટ મુજબ મહિલાને બે સંતાન છે. એક દીકરીના લગ્ન થવાના હતા અને પુત્ર પણ છે.

એવું કહેવાય છે કે ભાવિ જમાઈ સાથે ભાગી જનારી મહિલાના પતિએ પણ પછી તો બીજા લગ્ન કરી લીધા. ગ્રામીણોના જણાવ્યાં મુજબ તેણે ૧૫ દિવસ પહેલા જ બીજા લગ્ન કર્યા છે.

### અન્યાયનો લગાવ્યો આરોપ

# નવસારી ભાજપમાં ભડકો, બે મહામંત્રીઓએ આપ્યા રાજીનામા

## સંગઠનમાં જલાલપોર તાલુકાને અન્યાય થતો હોવાનો આરોપ લગાવી બંનેએ રાજીનામા આપ્યા હતા

નવસારી, તા.૧૨

ગુજરાતના રાજકારણમાં રાજીનામાનો દોર ચાલી રહ્યો છે. ૧૧ ફેબ્રુઆરી (બુધવાર) આમ આદમી પાર્ટીમાંથી રાજુ કરપડા રાજીનામું આપી દીધું હતું. હવે નવસારી ભાજપમાં ભૂકંપ આવ્યો છે. જિલ્લા સંગઠનમાં જલાલપોરને અન્યાય થતો હોવાના આરોપ સાથે બે નેતાઓએ રાજીનામા આપી દીધા છે.

નવસારી જિલ્લા સંગઠનમાં જલાલપોરને અન્યાય થતો હોવાના આરોપ સાથે જલાલપોર તાલુકા ભાજપના મહામંત્રી કેતન પટેલ અને ચેતન પટેલે રાજીનામા આપી દીધા છે.

જિલ્લા ભાજપ પ્રમુખને બંને નેતાઓએ રાજીનામા મોકલી આપ્યા છે. બંને નેતાઓએ સંગઠનમાં જલાલપોર તાલુકા સાથે અન્યાય થયો હોવાનો આરોપ લગાવ્યો છે.

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં બે નેતાઓના રાજીનામા ચર્ચાનો વિષય બન્યો છે. બંનેએ કહ્યું કે જલાલપોરમાંથી જિલ્લાના પ્રમુખ તો દૂર મહામંત્રી પણ કોઈને બનાવવામાં આવ્યા નથી.

રાજીનામુ આપનાર કેતન પટેલે જણાવ્યું કે ભાજપને ઉભી કરવામાં જલાલપોરના ધારાસભ્ય આર.સી. પટેલનો મોટો હાથ છે. તેમ છતાં વર્ષોથી તાલુકાને અન્યાય થઈ રહ્યો છે.

# દુનિયાની સૌથી લાંબી નાઈલ નદીમાં બોટ પલટતા ૧૫ મોત

## આ દુર્ઘટના સુદાનના ઉત્તરી પ્રાંતમાં બની : હોડીમાં ક્ષમતા કરતા વધુ એટલે કે અંદાજે ૨૭ જેટલા મુસાફરો હતા

સુદાન, તા.૧૨

વિશ્વની સૌથી લાંબી નદી એવી નાઈલ નદીમાં ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. સુદાનમાં મુસાફરોથી ભરેલી એક હોડી નદીના પ્રચંડ પ્રવાહમાં પલટી જતાં ૧૫ લોકોના કરુણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં અનેક લોકો હજુ પણ ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની આશંકા છે.સ્થાનિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટના સુદાનના ઉત્તરી પ્રાંતમાં બની હતી. હોડીમાં ક્ષમતા કરતા વધુ એટલે કે અંદાજે ૨૭ જેટલા મુસાફરો સવાર હતા. જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો સામેલ હતા. નદીની વચ્ચે પહોંચતા જ હોડીએ અચાનક સંતુલન ગુમાવ્યું હતું અને જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. કિનારે ઉભેલા લોકોએ ચીસાચીસ કરી મૂકી હતી, પરંતુ પાણીનો પ્રવાહ તેજ હોવાથી બચાવ કામગીરીમાં અવરોધ આવ્યો હતો.'સુદાન ડોક્ટર્સ નેટવર્ક' ના જણાવ્યા અનુસાર: અત્યાર સુધી ૧૫ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત ૬ લોકોને સ્થાનિકો અને બચાવ દળની મદદથી સુરક્ષિત બચાવી લેવાયા છે. જો કે હજી પણ ૬ લોકો નદીના વહેણમાં વહી ગયા છે, જેની શોધખોળ ચાલુ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, જો આધુનિક બચાવ ઉપકરણો સમયસર ઉપલબ્ધ હોત, તો વધુ લોકોના જીવ બચાવી શકાયા હોત.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, હોડીમાં તેની ક્ષમતા કરતા વધુ લોકો અને સામાન ભરવામાં આવ્યો હતો. સુદાનમાં નદી માર્ગે મુસાફરી સામાન્ય છે. પરંતુ સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન પણ એટલું જ સામાન્ય બની ગયું છે. લાઈફ જેકેટનો અભાવ, દેખરેખની ઉણપ અને ઓવરલોડિંગ આવી દુર્ઘટનાઓની પાછળનાં મુખ્ય કારણ હોય છે.

### સુપ્રીમ કોર્ટે ગુસ્સાથી કહ્યું

# RERA બંધ કરી દો, તે ફક્ત બિલ્ડરો માટે જ કામ કરે છે

## કોર્ટે, RERA ની કામગીરીની ટીકા કરતા કહ્યું કે, તેને બંધ કરવું વધુ સારું રહેશે કારણ કે તે ડિફોલ્ટર બિલ્ડરોને જ મદદ કરે છે

નવી દિલ્હી, તા.૧૨

સુપ્રીમ કોર્ટે, રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) ની કામગીરીની આકરી ટીકા કરતા કહ્યું કે, તેને બંધ કરવું વધુ સારું રહેશે કારણ કે તે હવે ફક્ત ડિફોલ્ટર બિલ્ડરોને જ મદદ કરે છે. હિમાચલ પ્રદેશમાં RERA ઓફિસના સ્થાનાંતરણ અંગેના એક કેસની સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું કે, રાજ્યોએ વિચાર કરવો જોઈએ કે આ સંસ્થા RERA, જનતા માટે બનાવવામાં આવી છે કે બિલ્ડરો માટે.ગુરુવારે એક કેસની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) ની કામગીરી પર ખૂબ જ આકરી ટિપ્પણી કરી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે, RERA હવે ડિફોલ્ટર બિલ્ડરોને રક્ષણ આપવાનું એક સાધન બની ગયું છે, અને તેથી, તેને નાબૂદ કરવું વધુ સારું રહેશે. મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલિયા બાગચીની બનેલી બેન્ચે, સુનાવણી દરમિયાન RERA સામે ખૂબ જ કડક વલણ અપનાવ્યું. ન્યાયાધીશોએ કહ્યું કે, તમામ રાજ્ય સરકારોએ હવે ગંભીરતાથી વિચારવું જોઈએ કે, RERA નામની સંસ્થા શેના માટે બનાવવામાં આવી હતી. શું આ સામાન્ય લોકોના હિતોનું રક્ષણ કરવા માટે હતું કે બિલ્ડરોને સુવિધા આપવા માટે ? CJI સૂર્યકાંતે ટિપ્પણી કરી, ‘‘આ સંસ્થા ડિફોલ્ટર બિલ્ડરોને સુવિધા આપવા સિવાય બીજું કંઈ કરી રહી નથી. આવી સ્થિતિમાં, આ સંસ્થાને સંપૂર્ણપણે નાબૂદ કરવી વધુ સારું રહેશે.’’હિમાચલ પ્રદેશમાં એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટની નારાજગી ઉભરી આવી હતી. આ વિવાદ હિમાચલ પ્રદેશ સરકાર દ્વારા રાજ્ય RERA ઓફિસને શિમલાથી ધર્મશાળા ખસેડવા માટે જાહેરનામું બહાર પાડવાના નિર્ણય અંગે હતો. આ નિર્ણય સામે અપીલ દાખલ કરવામાં આવી હતી, અને મામલો હિમાચલ પ્રદેશ હાઈકોર્ટમાં પહોંચ્યો હતો.ગયા વર્ષે, હાઈકોર્ટે આ જાહેરનામા પર સ્ટે મૂક્યો હતો. એવું માનવામાં આવતું હતું કે, સરકારે વૈકલ્પિક સ્થાન ચકાસ્યા વિના જ ઓફિસ ખસેડવાનો નિર્ણય લીધો હતો. હાઈકોર્ટે તેના આદેશમાં એમ પણ જણાવ્યું હતું કે, ૧૮ આઉટસોર્સ કર્મચારીઓને અન્ય બોર્ડ અને કોર્પોરેશનોમાં સમાવિષ્ટ કરવામાં આવશે, જે RERA ની કામગીરીને સંપૂર્ણપણે વિક્ષેપિત કરશે. આ દલીલોના આધારે, હાઈકોર્ટે ૧૩ જૂન, ૨૦૨૫ ના જાહેરનામા પર સ્ટે મૂક્યો હતો.ગુરુવારે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને ઉલટાવી દીધો, જેનાથી રાજ્ય સરકારને નોંધપાત્ર રાહત મળી. સુપ્રીમ કોર્ટે રાજ્યને RERA ઓફિસને શિમલાથી ધર્મશાળા ખસેડવાની મંજૂરી આપી હતી. જોકે, કોર્ટે ખાતરી કરી હતી કે આ પ્રક્રિયાથી સામાન્ય લોકો અથવા RERAના આદેશોથી પ્રભાવિત લોકોને કોઈ અસુવિધા ન થાય.બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે માત્ર RERA ઓફિસ જ નહીં પરંતુ અપીલ ટ્રિબ્યુનલને પણ ધર્મશાળામાં ખસેડવામાં આવે જેથી લોકોને અપીલ માટે આમતેમ દોડવું ન પડે. રાજ્ય સરકાર વતી વરિષ્ઠ વકીલ માધવી દિવાને દલીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે આ પ્રકારનું વલણ અપનાવ્યું હોય તેવું આ પહેલી વાર નથી; આવા જ કેસમાં કોર્ટે અગાઉ હિમાચલ પ્રદેશ પછાત વર્ગ આયોગના મુખ્ય મથકને શિમલાથી ધર્મશાળા ખસેડવા પર હાઈકોર્ટનો સ્ટે ઉઠાવી લીધો હતો.

### કિરેન રિજિજુએ નવો વીડિયો જાહેર કર્યો

# સ્પીકર ઓમ બિરલાના ચેમ્બરમાં થયેલા હોબાળાનો એક વીડિયો જાહેર

## કોંગ્રેસના ૨૦ થી ૨૫ સાંસદો સ્પીકરના ચેમ્બરમાં ઘૂસી ગયા અને સ્પીકરને અપશબ્દો કહ્યા હતા : રિજિજુ

નવી દિલ્હી, તા.૧૨

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ લોકસભા સ્પીકર ઓમ બિરલાના ચેમ્બરમાં થયેલા હોબાળાનો એક વીડિયો જાહેર કરીને રાજકીય રીતે વધારે એક મોરચો ખોલ્યો છે. રિજિજુએ આરોપ લગાવ્યો છે કે, કોંગ્રેસના સાંસદોએ સ્પીકરની ચેમ્બરમાં ગેરકાયદેસર રીતે વીડિયો ક્લિપ બનાવી અને ગરીમા તથા મર્યાદાઓનું ઉલ્લંઘન કર્યું છે.મળતી માહિતી મુજબ, આ ઘટના ૪ ફેબ્રુઆરીની હોવાનો અંદાજ છે. રિજિજુના જણાવ્યા અનુસાર, કોંગ્રેસના ૨૦થી ૨૫ સાંસદો સ્પીકરના ચેમ્બરમાં ઘૂસી ગયા હતા. ત્યાં તેમણે સ્પીકરને અપશબ્દો કહ્યા હતા. ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ધમકી પણ આપી હતી. સ્પીકરની ચેમ્બરને ગૃહનો જ એક ભાગ માનવામાં આવે છે, જ્યાં કોઈપણ પ્રકારનું વીડિયો શૂટિંગ કરવું એ નિયમોની વિરુદ્ધ છે.કિરેન રિજિજુના ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે, "જ્યારે આ ઘટના બની ત્યારે હું પણ ત્યાં હાજર હતો. કોંગ્રેસના સાંસદોએ સ્પીકરને અપશબ્દો કહ્યા હતા. ઓમ બિરલા ખૂબ જ સરળ વ્યક્તિ છે, બાકી આ મામલે અત્યંત કડક કાર્યવાહી થઈ શકી હોત."

રિજિજુએ વધુમાં ઉમેર્યું કે, જ્યારે આ હોબાળો થઈ રહ્યો હતો ત્યારે પ્રિયંકા ગાંધી અને કે.સી. વેણુગોપાલ જેવા વરિષ્ઠ નેતાઓ પણ હાજર હતા અને તેઓ સાંસદોને લડવા માટે ઉશ્કેરી રહ્યા હતા. જે સ્પષ્ટ રીતે લોકશાહીની ગરિમાનું હનન છે. રિજિજુએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, ભાજપ ગૃહમાં ચર્ચા અને સંવાદમાં માને છે, ધમકીઓ કે હોબાળો કરવામાં નહીં.આ મામલે અત્યારે ઉચ્ચ સ્તરીય તપાસ ચાલી રહી છે. નિયમોનું ઉલ્લંઘન કરીને વીડિયો શૂટ કરનારા અને સ્પીકર સાથે ગેરવર્તન કરનારા સાંસદો સામે કડક પગલાં લેવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, સ્પીકરની ચેમ્બરમાં વીડિયો રેકોર્ડિંગ એ સંસદીય શિષ્ટાચારનો ભંગ ગણાય છે. જેના કારણે સંબંધિત સાંસદોનું સભ્યપદ જોખમમાં મુકાઈ શકે છે અથવા તેમને સસ્પેન્ડ પણ કરવામાં આવી શકે છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, સ્પિકરને કોઈએ એબ્યુસ કર્યા નથી. એક બે સાંસદ હતા જે કાર્યપ્રણાલીથી વધારે પરેશાન હતા. તેમણે પોતાનો રોષ સ્પિકર સમક્ષ ઠાલવ્યો હતો. હું પાછળથી સાંસદોને ઉશ્કેરી રહી હતી તેવો દાવો સંપુર્ણ પાયાવિહોણો છે. હું ચુપચાપ બેઠી હતી અને આખરે મારી પણ નારાજગી હતી જે મે શાંતિથી સ્પિકરને જણાવી હતી.

### ૬૫ લાખ લઈને પણ બંનેને એજન્ટ વેચી દેવાના હતા!

# અઝરબૈઝાનમાં બંધક બનાવાયેલ પાટીદાર યુવક-યુવતીની મુક્તિ થઈ

## ગૃહ વિભાગ અને વિદેશ મંત્રાલયે ઓપરેશન મહીસાગર કરીને બંને જણાને સલામત રીતે બચાવી લેવાયા

નવી દિલ્હી, તા.૧૨

ચરોતરનાં અનેક લોકો દાયકાઓથી અમેરીકા કેનેડા સહીત વિદેશમાં વસેલા છે, ત્યારે વિદેશની ચમક દમક જોઈને વિદેશ જવાનાં મોહમાં અનેક યુવાનો લેભાગુ એજન્ટોની જાળમાં ફસાઈ જાય છે. ત્યારે આવી જ એક ઘટના આણંદ જિલ્લાનાં એક યુવક અને એક યુવતીની સાથે બની હતી. જેમાં યુવક યુવતીને કબુતરબાજ એજન્ટએ ગેરકાયદેસર રીતે અમેરીકા પહોંચાડવાનાં બહાને અઝરબૈઝાન લઈ જઈને બંધક બનાવી યાતનાઓ આપી હતી. એટલું જ નહિ, તેમના પરિવારને ખોટા ફોન કરાવી ૬૫ લાખની ખંડણી વસૂલી હતી. ત્યારે ભારતનાં ગૃહ વિભાગ અને વિદેશ મંત્રાલયે 'ઓપરેશન મહિસાગર' હાથ ધરી બન્ને યુવક યુવતીને સલામત રીતે મુકત કરાવી લેવામાં આવતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. આણંદનાં જાંખરીયા ગામનાં ધ્રુવ પટેલ અને કંથારીયા ગામનાં દિપિકાબેન પટેલને વિદેશ જવાનું હોઈ તેઓએ મુંબઈનાં એજન્ટનો સંપર્ક સાધ્યો હતો. ત્યારે મુંબઈની મમતા નામની એજન્ટએ તેઓને વાયા અઝરબૈઝાન કેનેડા થઈને અમેરીકા લઈ જવાનો વિશ્વાસ આપ્યો હતો. અને ત્યારબાદ એજન્ટ દ્વારા ધ્રુવ પટેલ અને દિપિકા પટેલને તા.૩૦ જાન્યુઆરીનાં રોજ વડોદરાથી અલગ અલગ ફલાઈટમાં દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. જયાં તેઓને મહીપાલપુરની એક હોટલમાં રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ તા.૧ ફેબ્રુઆરીનાં રોજ બન્નેને દિલ્હી એરપોર્ટ પરથી અઝરબૈઝાન લઈ જવામાં આવ્યા હતા. સવારે પોણા આઠ વાગે તેઓ અઝરબૈઝાનનાં બાકુ એરપોર્ટ પર ઉતરાયા હતા. જયાંથી તેઓને બાકુની એલીસ હોટલમાં લઈ જવામાં આવ્યા હતા. બાકુની હોટલમાં પહોંચતા જ પવન નામનાં બીજા એજન્ટ દ્વારા ધ્રુવ અને દિપીકાનાં મોબાઈલ ફોન સ્વિચઓફ કરાવી દેવામાં આવ્યા હતા. બાકુમાં ૨૪ કલાક રાખ્યા બાદ એજન્ટ પવનએ ધ્રુવ અને દિપિકાને તેઓનાં પરિવાર સાથે વિડીયો કોલ પર વાત કરાવી પોતે કેનેડા પહોંચી ગયા હોવાની ખોટી વાત કરાવી હતી. તેમજ પવનએ મૂળ એજન્ટ મમતાનાં બદલે નાણા સીધા તેને ચુકવવાની માંગ કરી હતી. ધ્રુવ અને દિપિકાનાં પરિવારજનોએ મુંબઈની એજન્ટ મમતાને ૩૫ લાખની રકમ ચુકવી હતી. તેમજ ત્યારબાદ ૭ ફેબ્રુઆરીનાં રોજ ક્રિપ્ટો કરન્સી મારફતે પવનને પંદર લાખ ચુકવ્યા હતા. તેમજ દિપિકાનાં પરિવારજનો દ્વારા પવનને આઠ ફેબ્રઆરીનાં રોજ ક્રિપ્ટો કરન્સી મારફતે પંદર લાખની રકમ મળી કુલ ૬૫ લાખની રકમ ચુકવવામાં આવી હતી.ત્યારબાદ પરિવારજનોએ જયારે ધ્રુવ અને દિપિકા સાથે વાતચીત કરી ત્યારે બન્ને જણાને યાતના આપી હોવાનું તેમજ અત્યાચાર ગુજાર્યો હોવાનું લાગ્યું હતું. તેમજ પવન દ્વારા બન્નેને બંધક બનાવી વધુ પૈસાની માંગણી કરી હતી. તેમના પર યાતનાં ગુજારતા વીડિયો બતાવાતો હતો. જેથી પરિવારજનો ચિંતાગ્રસ્ત થયા હતા. તેમજ પરિવારજનો એજન્ટ પવનને પૈસા ચુકવ્યા બાદ આઠ ફેબ્રુઆરીની રાત્રે ધ્રુવનાં પરિવારજનોને પવનએ ફોન કરી કહ્યું હતું કે મે આ બન્ને જણાને છોડવાની વ્યવસ્થા કરી છે. તેની થોડીવારમાંજ એક તુર્કીનાં નંબર પરથી ધ્રુવ અને દિપિકાનાં ફોટા સાથે પરિવારજનોને મેસેજ મળ્યો હતો. ત્યારબાદ થયેલા ફોન કોલમાં સામે ફોન કરનારી વ્યકિતએ કહ્યું હતું કે અમે મોડા પડ્યા છીએ. આ બન્ને જણાને ખાનબાબાને વેચી દેવામાં આવ્યા છે. તેમજ તેઓની કિડની કાઢીને વેચી નાખવાની ધમકીઓ આપી હતી. જેથી પરિવારજનો ગભરાઈ ગયા હતા, તેમજ ધ્રુવ અને દિપીકાનો સંપર્ક ખોરવાઈ જતા અને બન્ને લાપતા થઈ જતા બન્ને જણાને કોઈ ગુનાહિત ટોળકીને સોંપી દેવામાં આવ્યા હોવાની ચિંતાને લઈને તેઓએ આ અંગે આણંદનાં સાંસદ મિતેશ પટેલ અને પેટલાદનાં ધારાસભ્ય અને મંત્રી કમલેશ પટેલને રજુઆત કરી હતી. ઘટનાની ગંભીરતા સમજીને સાંસદ મિતેશ પટેલએ તાત્કાલીક ભારત સરકારનાં ગૃહ વિભાગ અને વિદેશ મંત્રાલયને ઈમેલ કર્યો હતો. તેમજ વિદેશ મંત્રાલય ખાતે વિદેશ મંત્રીને રૂબરૂ મળી બન્ને યુવક યુવતીનો જીવ બચાવી લેવા તાત્કાલીક પગલા ભરવા અપીલ કરી હતી. જેથી વિદેશ મંત્રાલય દ્વારા તાત્કાલિક ઓપરેશન મહીસાગર હાથ ધર્યુ હતું અને અઝરબૈઝાન ખાતેનાં ભારતીય દુતાવાસનાં અધિકારીઓ દ્વારા તાત્કાલીક સ્થાનિક પોલીસની મદદથી ઓપરેશન પાર પાડી ધ્રુવ અને દિપિકાને સુરક્ષિત રીતે છોડાવીને ભારતીય દુતાવાસમાં લઈ જવામાં આવ્યા હતા. બન્ને યુવક યુવતી સલામત હોવાનું પરિવારજનોને જાણ થતા બન્ને યુવક યુવતીનાં પરિવારજનોએ આણંદનાં સાંસદ મિતેશ પટેલ અને વિદેશ મંત્રાલયનો આભાર માન્યો હતો. સાંસદ મિતેશ પટેલે અમેરિકા કેનેડા જેવા વિદેશમાં જવા માંગતા યુવાનોને ગેરકાયદેસર રીતે વિદેશ જવાની વાતોમાં નહી ફસાવા અપીલ કરી છે. તેમણે કહ્યું હતું કે ખંડણીખોરો દ્વારા બન્ને પર ખૂબ જ ભયાનક રીતે અત્યાચાર ગુજારી તેનાં વિડીયો મોકલવામાં આવ્યા હતા. જે જોઈ શકાય તેમ નથી. બન્ને જણાને વીજ કરંટ પણ આપવામાં આવતો હતો. અને આવા વીડિયો મોકલી વધુ ૩૫ લાખની માંગણી કરવામાં આવતી હતી. અઝર બૈઝાનનાં ભારતીય દુતાવાસએ સ્થાનિક પોલીસની મદદથી બન્નેને સુરક્ષિત રીતે મુકત કરાવ્યા છે, અને હાલમાં વધુ તપાસ ચાલી રહી છે, જે પૂર્ણ થયા બાદ બન્નેને સુરક્ષિત રીતે પરત આણંદ લાવવામાં આવશે.

### વિજય માલ્યાને હાઇકોર્ટનું છેલ્લું અલ્ટિમેટમ

# વિજય માલ્યા ભારત આવશે ત્યારે જ સુનાવણી હાથ ધરાશે : કોર્ટ

## કોર્ટે કડક શબ્દોમાં માલ્યાને ચેતવણી આપવાની સાથે તેના વકીલને પણ અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો

નવી દિલ્હી, તા.૧૨

બોમ્બે હાઈકોર્ટમાં આજે (૧૨ ફેબ્રુઆરી) ભાગેડુ વિજય માલ્યા વિરુદ્ધની બે અરજીઓ પર સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન કોર્ટે કડક શબ્દોમાં માલ્યાને ચેતવણી આપવાની સાથે તેના વકીલને પણ અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ વિજય માલ્યાને મોટો ઝટકો આપતાં આકરા શબ્દોમાં સ્પષ્ટ કહ્યું છે કે, 'જ્યારે વિજય માલ્યા ભારત આવશે ત્યારે જ તેના વિરુદ્ધની અરજીઓ પણ સુનાવણી હાથ ધરાશે. કોઈપણ વ્યક્તિ કાયદાકીય કાર્યવાહીથી બચવાનો પ્રયાસ કરીને ભારતીય કોર્ટ પાસેથી રાહતની આશા ન રાખી શકે.'સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરની બેંચે માલ્યાના વકીલને કહ્યું કે, 'તમારે પરત આવવું જ પડશે. જો તમે પરત આવી શકતા નથી, તો અમે આ અરજી પણ સુનાવણી ન કરી શકીએ.' કોર્ટે માલ્યાને ચેતવણી આપી છે કે, તે દેશની બહાર રહીને કાયદાકીય પ્રક્રિયાનો લાભ ન ઉઠાવી શકે. કોર્ટે માલ્યાને ૧૮ ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે અને તેના વકીલને કહ્યું છે કે, તે ભારત પરત આવવા તૈયાર છે કે નહીં.૭૦ વર્ષના લિકર બિઝનેસમેન વિજય માલ્યાએ બોમ્બે હાઈકોર્ટમાં બે અરજી દાખલ કરી છે. તેણે પ્રથમ અરજીમાં પોતાને 'ભાગેડુ આર્થિક ગુનેગાર' જાહેર કરવાના આદેશને પડકાર્યો છે. જ્યારે બીજી અરજીમાં ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ, ૨૦૧૮ની બંધારણીય માન્યતા પર સવાલ ઉઠાવ્યા છે.કોર્ટે માલ્યાને સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપ્યો છે, જેમાં તેણે માહિતી આપવી પડશે કે, તે ભારત ક્યારે આવી રહ્યો છે. માલ્યાના વકીલ અમિત દેસાઈએ જૂના કેસોના આધાર પર દલીલ કરી છે કે, માલ્યાને શારીરિક તકલીફ હોવાથી તેના વગર પણ સુનાવણી થઈ શકે છે. ત્યારે કોર્ટે તે માનવાનો ઈનકાર કરી દીધો છે. બીજી તરફ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજીનો વિરોધ કરીને કહ્યું કે, જ્યારે માલ્યાને ભાગેડુ જાહેર કરવામાં આવ્યો, ત્યારે તેણે આ કાયદાને પડકાર ફેંક્યો છે.સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, હાલ અરજીને ફગાવતા નથી, પરંતુ માલ્યાને વધુ એક તક આપી રહ્યા છે. અમે માલ્યા કોર્ટની પ્રક્રિયાથી બચી રહ્યો હોવાનું રેકોર્ડ પર નોંધી શકીએ છીએ. કોર્ટે તમામ પક્ષકારોની દલીલ સાંભળ્યા બાદ હવે આગામી સુનાવણી ૧૮મી ફેબ્રુઆરીએ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

### જગતના તાત ચિંતિત

# ઠંડીના અભાવે જીરુંના પાકમાં કાળિયો-સુકારો રોગની ભીતિ!

## વધતા તાપમાનને કારણે જીરુંમાં રોગચાળો ફાટી નીકળ્યો છે, જેને પગલે ખેડૂતોનો ખર્ચ માથે પડે તેવી સ્થિતિ સર્જાઇ

જામનગર, તા.૧૨

જિલ્લાના જોડિયા પંથકમાં ખેડૂતો માટે પડતા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. કુદરતની થપાટ અને બદલાતા હવામાનને કારણે શિયાળુ પાક, ખાસ કરીને મસાલાના રાજા ગણાતા જીરુંના પાકમાં ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ઠંડીના અભાવે અને બપોરના વધતા તાપમાનને કારણે જીરુંમાં રોગચાળો ફાટી નીકળ્યો છે, જેને પગલે ખેડૂતોનો લાખોનો ખર્ચ માથે પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જામનગર જિલ્લો જીરુંના ઉત્પાદન માટે જાણીતો છે, પરંતુ આ વર્ષે ખેડૂતોની આંખમાં આંસુ છે. સામાન્ય રીતે શિયાળામાં કકડતી ઠંડી જીરુંના પાક માટે આશીર્વાદરૂપ ગણાય છે, પરંતુ આ વખતે શિયાળો જાણે વિલાઈ ગયો હોય તેમ ઠંડી નહિવત પડી રહી છે. બીજી તરફ, બપોરના સમયે તાપમાન ઊંચું રહેતા વાતાવરણમાં ભેજ અને ગરમીનું જે મિશ્રણ સર્જાયું છે, તેણે જીરુંના પાકને પાયમાલ કરવાનું શરૂ કર્યું છે.

જામનગરના ગ્રામ્ય વિસ્તારોમાં, ખાસ કરીને જોડિયા પંથકમાં આવેલા લીંબુડા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જીરુંના પાકમાં કાળિયો અને સુકારો નામનો રોગ જોવા મળી રહ્યો છે. ખેડૂતો જણાવી રહ્યા છે કે મોંઘા ભાવના બિયારણ, ખાતર અને મજૂરી ખર્ચ કરીને તૈયાર કરેલો પાક હવે તેમની નજર સામે જ સુકાઈ રહ્યો છે.ખેડૂતોની વેદના માત્ર એકાદ વિસ્તાર પૂરતી સીમિત નથી. જીરુંના પાકમાં જ્યારે કાળિયો રોગ આવે છે, ત્યારે આખો છોડ કાળો પડી જાય છે અને સુકારાના કારણે છોડ મૂળમાંથી જ સુકાવા લાગે છે. ખેડૂતોએ રાત-દિવસ એક કરીને પિયત આપ્યું, મોંઘી જંતુનાશક દવાઓના છંટકાવ કર્યા, તેમ છતાં કુદરતના પ્રકોપ સામે વિજ્ઞાન પણ વામણું પુરવાર થઈ રહ્યું છે.

એક અંદાજ મુજબ, ખેડૂતોએ વીઘા દીઠ ૧૨,૦૦૦થી વધુનો ખર્ચ કરી નાખ્યો છે. જો પાક નિષ્ફળ જાય તો ખેડૂતો આર્થિક પાયમાલીના આરે આવી જશે. હાલ તો આકાશ ભણી નજર માંડીને બેઠેલો ધરતીપુત્ર ચિંતિત છે કે જો હજુ પણ વાતાવરણમાં સુધારો નહીં થાય, તો શિયાળુ સીઝન સંપૂર્ણપણે નિષ્ફળ જશે.

### પાર્ટીને ઉભી થવા નહિ દે, રાજુ કરપડાના આરોપો

# ગોપાલ ઈટાલિયા અને સોરઠીયા ભાજપની B ટીમ

## પત્રકાર પરિષદમાં રાજુ કરપડાએ નામ લીધા વગર એએપી ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા પર આકરા પ્રહાર કર્યાં

અમદાવાદ, તા.૧૨

આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યા બાદ રાજુ કરપડાએ અનેક ચોંકાવનારા ખુલાસાઓ કર્યા છે. પત્રકાર પરિષદ દરમિયાન રાજુ કરપડાએ નામ લીધા વગર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર આકરા પ્રહાર કર્યાં હતા. રાજુ કરપડાએ પ્રેસ કોન્ફરન્સ કરી ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. આ પ્રેસ કોન્ફરન્સમાં તેમણે આપ ના ટોચના નેતાઓ પર ગંભીર આરોપો લગાવીને રાજકારણમાં ગરમાવો લાવ્યો છે. રાજુ કરપડાએ પત્રકાર પરિષદાં પક્ષ સાથેછેડો ફાડવા પાછળ અનેક કારણો આપ્યા હતા. તેમણે જણાવ્યું કે, હું રાજકારણમાં નહોતો ત્યારે પણ ખેડૂતો માટે લડતો અને અનેક વાર ન્યાય અપાવવા પ્રયાસો કર્યાં છે. હું આમ આદમી પાર્ટીને મજબૂત કરવા માટે લડ્યો હતો અને પક્ષમાં પરિવાર કરતા વધુ વફાદાર રહ્યો. હું જેલ બહાર ન આવું તેવી કેટલાક નેતાઓની માનસિકતા હતી. પ્રદેશના કેટલાક નેતાઓએ મને ફસાવવાનો પ્રયાસ કર્યો હતો. જેલવાસ દરમિયાન પાર્ટી એક સારા વકીલની વ્યવસ્થા પણ કરી શકી નહોતી. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર આકરા પ્રહારો કરો કરતા રાજુ કરપડાએ કહ્યું, ઈટાલિયાને જીતાડવા અમે રાત-દિવસ એક કર્યા અને તેને જીતાડવા માટે અમે અમારા લોહી-પાણી રેડી દીધા અને તેઓ મને મળવા ચાર મહિનામાં એક પણ વખત આવ્યા નથી. તેણે પ્રવિણભાઈને જેલમાં મળવા બે મહિના પછી પ્રયાસ કર્યા હતા. પરંતુ મળવા દેવામાં આવ્યા ન હતા, પરંતુ બે મહિના સુધી ક્યાં હતા ? ન મળવા દીધા તો કોઈ વાંધો નથી પણ સારા વકીલને તો મોકલી શકે ને આ પ્રયાસ પણ તેમણે નથી કર્યા. રાજુ કરપડાએ દાવો કર્યો કે, આમ આદમી પાર્ટી ભાજપની B ટીમ નથી, પરંતુ મનોજ સોરઠીયા અને ગોપાલ ઈટાલિયા ભાજપની B ટીમ તરીકે કામ કરી રહ્યા છે તેવું હું ચોક્કસ કહીશ. ચૈતરભાઈ, હેમંતભાઈ કે ઈસુદાનભાઈ કોઈ દિવસ પાર્ટી માટે નેગેટિવ વિચાર કરતા નથી હમેશા તેઓ પાર્ટીને આગળ લાવવા પ્રયાસ કરે છે અને પાર્ટીના તમામ નેતાઓ આગેવાનો અને કાર્યકર્તા માટે સતત કામ કરે છે. હું અરવિંદ કેજરીવાલજીથી નજીક આવ્યો આ વાત ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠીયા જોઈ શકતા ન હતા અને ત્યારથી મને પછાડી દેવાના પ્રયત્ન કરતા હતા.

### દુષ્કર્મ આચતા પીડિતા મોતને વહાલું કરવાનો પ્રયાસ કર્યો

# સસરાએ કેફી પીણું પીવડાવી દુષ્કર્મ આચરતા પુત્રવધૂ પહેલા માળેથી કૂદી

## નરાધમ સસરાએ પુત્રવધૂને કેફી દ્રવ્ય મેળવેલી ચોકલેટ ખાવા આપી હતી જે ખાધા બાદ નવપરિણીત મહિલા બેભાન થઈ ગઈ હતી

દાહોદ,તા.૧૨

દાહોદઃ હાલના કળિયુગી સમયમાં 'સાવધાન ઈન્ડિયા' અને 'ક્રાઈમ પેટ્રોલ' જેવી ક્રાઈમ, થ્રિલર અને સસ્પેન્સ પર આધારિત સિરિયલની કહાનીને પણ ટક્કર આપે તેવો સાચો અને કાળજું કંપાવતો કિસ્સો તાજેતરમાં ગુજરાત-મધ્યપ્રદેશના સરહદી પંથક દાહોદથી સામે આવી રહ્યો છે. જ્યાં મધ્યપ્રદેશમાં પરણેલી દાહોદની પરિણીત દીકરી પર લગ્નના એક મહિનાના જ ટૂંકાગાળામાં તેના કળિયુગી સસરાએ કેફી દ્રવ્ય પીવડાવી દુષ્કર્મ આચરતા આ દીકરીએ મોતને વહાલું કરવાનો પ્રયાસ કર્યો છે. જોકે સદભાગ્યે સસરાની વાસનાનો ભોગ બનેલી આ પરિણીતા દીકરી બચી ગઈ છે. પરંતુ આ ચકચારી બનાવની મધ્યપ્રદેશ અને ગુજરાતના સરહદી વિસ્તારમાં ભારે ખળભળાટ મચ્યો છે અને પોલીસે પણ આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઘટનાની મળતી વિગતો અનુસાર, દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક પરિવારની દીકરીના એક મહિના અગાઉ ૨૫ જાન્યુઆરીના રોજ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ પાસે ઉદેગઢ ગામે લગ્ન થયા હતા. સામાજિક લગ્ન પ્રસંગની વિધિ પત્યા બાદ દીકરીનું પહેલું આણું લગ્નના ત્રીજા દિવસે કરી દીકરીને ઘરે લઈ આવ્યા હતા. ત્યાર બાદ તારીખ ૭ ફેબ્રુઆરીના રોજ તેના પિતાએ દિલ ઉપર પથ્થર મૂકી હસતા મોઢે પોતાની વ્હાલ સોઈ દીકરીને નવો ઘરસંસાર માંડવા તેના પતિ સાથે વિદાય કરી હતી. ભગવાનથી કામના કરી હતી કે, તેની દીકરી અને તેનો પરિવાર સદાય હસતો રહે ખુશ રહે પરંતુ આગામી ૭૨ કલાકમાં આ દીકરી સાથે શું થવાનું હતું તે કોઈને કલ્પના નહોતી. દાહોદ જિલ્લાથી પોતાના સાસરે ઉદેગઢ ગયા બાદ બીજા દિવસે તેના સસરાની પુત્રવધૂ ઉપર દાનત બગડી હતી અને નવોઢાનો પતિ કોઈક કામ અર્થે બહાર ગયો હતો, તે દરમિયાન ૯ ફેબ્રુઆરીના રોજ નરાધમ સસરાએ પુત્રવધૂને કેફી દ્રવ્ય મેળવેલી ચોકલેટ ખાવા આપી હતી. જે ખાધા બાદ નવપરિણીત મહિલા બેભાન થઈ ગઈ હતી. બાદમાં આ નરાધમ સસરાએ તેની દીકરી સમાન કહેવાથી પુત્રવધૂ જોડે બેભાન અવસ્થામાં દુષ્કર્મ આચર્યું હતું.

ઘટનાના થોડા સમય બાદ પરણીતા ભાનમાં આવતા લઘરવઘર વસ્ત્રો અને ગુપ્તાંગના ભાગેથી રક્તસ્ત્રાવ સાથે પીડા કણસતા તે સંપૂર્ણ રીતે ભાંગી પડી હતી. જેથી સાસરીયા પિતાના દુષ્કૃત્યનો ભોગ બનેલી દીકરીએ જિંદગીભરના પાલક પિતાને કેવી રીતે દુર્ઘટનાનું વર્ણન કરીશ તેવું વિચારી મોતને વહાલું કરવા ઘરના પહેલે માળેથી ભોંય પર ઝંપલાવ્યું હતું. જોકે સદભાગ્યે સસરાની વાસનાનો ભોગ બનેલી મહિલા પરણીતા બચી ગઈ છે.બાદમાં આપઘાતનો પ્રયાસ કરનાર આ પરિણીતાને દાહોદ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી અને તેના પિતાને જાણ કરતા તેઓ પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ નવ પરણિત મહિલાએ તેના પિતાને સસરાની કાળી કરતૂતની સઘળી હકીકત તૂટક ભાષામાં વર્ણવી હતી. જે જાણતા જ તેના પિતાના પગ તળેથી જમીન ખસી પડી હતી.ઘટના જાણતા જ પિતા ચૌધાર આંસુએ રડવા લાગ્યા હતા અને થોડાક સમય બાદ તેની દીકરીને ન્યાય અપાવીને જપીશ તેવા દ્રઢ સંકલ્પ સાથે તેના પિતાએ દાહોદ બી ડિવિઝન પોલીસ પાસે મદદ માંગી હતી. જ્યાં પિતાની રજૂઆત અને દીકરીની હાલત તથા આપવીતી જાણ્યા બાદ ગંભીર અને સંવેદનશીલ બનેલી પોલીસે તાત્કાલિક ઝીરો નંબરથી ફરિયાદ દાખલ કરી મધ્યપ્રદેશની પોલીસને સમગ્ર મામલે જાણ કરી હતી અને તેમને દાહોદ ખાતે બોલાવ્યા હતા.

હાલ સસરાના દુષ્કર્મનો ભોગ બનેલી દાહોદની દીકરી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. તો બીજી તરફ દીકરી સમાન પુત્રવધૂ પર વાસના સંતોષ્યા ઘટના બાદ આરોપી નરાધમ સસરો ફરાર થઈ ગયો હોવાની માહિતી હાલ સામે આવી રહી છે. ત્યારે આ મામલે દાહોદ પોલીસે એમપી પોલીસને જાણ કર્યા બાદ હવે એમપી પોલીસ આ મામલે તપાસ હાથ ધરી આરોપી સસરાને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે.

### ઈટાલિયાનો રાજુ કરપડાને જવાબ

# હું તેમને મર્દ માણસ માનતો હતો, પણ તેઓ આજે ભાજપની ભાષા બોલે છે

## આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને રાજુ કપરડાના આક્ષેપોનો જવાબ આપ્યો

અમદાવાદ, તા.૧૨

આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડાએ રાજીનામું આપી ગોપાલ ઈટાલિયા અને અને મનોજ સોરઠીયા પર સણસણતા આક્ષેપો કર્યા છે. તમામ આક્ષેપોને મનોજ સોરઠીયાએ પાયાવિહોણા ગણાવ્યા છે. તો સાથે જ ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, રાજુભાઈએ જેલના ડરથી ગુજરાતના લોકો અને ખેડૂતોનો વિશ્વાસ તોડ્યો છે.

આપમાંથી છેડો ફાડ્યા બાદ રાજુ કરપડાએ છઈઁ પર જોરદાર પ્રહાર કર્યા છે. રાજુ કરપડાએ કહ્યું ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠિયા ગુજરાતમાં આમ આદમી પાર્ટીને પતાવી નાંખશે. કરપડાએ કહ્યું કે, ગોપાલ ઈટાલિયા તો આપને ગુજરાતમાં ઉભી જ નહીં થવા દે. હું જેલમાંથી જેલ બહાર ન આવું તેવી કેટલાક નેતાઓની માનસિકતા હતી. જેલમાં અમને કોઈ કાનુની મદદ મળી નહોતી. જેલમાં કોઈ સારા વકીલને પણ આપના નેતાઓએ મોકલ્યા નહીં. આમ આદમી પાર્ટીએ ખેડૂતોની કોઈ મદદ કરી નહીં હું જયારે જેલમાં હતો ત્યારે જ રાજીનામું આપવા વિચારી લીધુ હતું. રાજુ કરપડાએ રાજીનામું આપ્યા બાદ કર્યા આમઆદમી પાર્ટી પર પ્રહાર કરતા કહ્યું, જેલમાં બંધ થયેલા ખેડૂતોને બચાવવા છઈઁએ કોઈ પ્રયાસ ન કર્યા.. પ્રદેશના કેટલાક નેતાએ ભાવનગર કેસમાં મને ફસાવવા પ્રયત્નો કર્યા.

તો રાજુ કપરડાના આક્ષેપો પર આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ જવાબ આપ્યો છે. ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, રાજુભાઈ આજે અમારી પાર્ટીમાં નથી એનું દુઃખ છે. સાથે જ તેઓએ પાર્ટીમાં રહી જે કામ કર્યું એ માટે એમનો અને એમના પરીવારનો ખૂબ ખૂબ આભાર. એક સમય હતો જ્યારે રાજુભાઈ મારી પાસે બેસીને ભાજપ સામે લડતા હતા. પણ આજે તેઓએ જે શબ્દો કહ્યા એ એમના અંતરના શબ્દો નથી, પણ તેઓને પકડાવવામાં આવેલી સ્ક્રિપ્ટ મુજબના છે. આજે તેમના ચહેરા પર ડર અને ગ્લાનિ છે. તેમની સામે જુદા જુદા કોર્ટ કેસ છે, જે પૈકીના ૨ કેસની સુનાવણી આજે સુરેન્દ્રનગર કોર્ટમાં હતી. આજે ફાઈનલ હિયરિંગ હતું. ભાજપ તરફથી તેમને ધમકી આપવામાં આવી કે આજે પ્રેસ નહીં કરો તો કોર્ટમાં કઈ પણ થઈ શકે છે. આજે મજબૂરી અને ડરના કારણે તેઓએ પ્રેસ કરી છે.

### મેન્ડિસ-રત્નાયકે લડખડાયેલી શ્રીલંકન ટીમને ઉગારી

# શ્રીલંકા સતત બીજી મેચ જીત્યું, દાસુન શનાકાએ રોહિત શર્માના રેકોર્ડની બરાબરી કરી

## ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાની ટીમે શાનદાર પ્રદર્શન જાળવી રાખી ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું છે

પાલ્લેકેલે, તા.૧૨

ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાની ટીમે શાનદાર પ્રદર્શન જાળવી રાખી ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં ૧૯ વર્ષ બાદ એવો રેકોર્ડ નોંધાયો છે, જેમાં શ્રીલંકાએ સૌથી મોટા માર્જીન રનથી જીત મેળવી છે. આ ઐતિહાસિક મેચમાં કેપ્ટન દાસુન શનાકાએ વિસ્ફોટક બેટિંગ કરીને રોહિત શર્માના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે, સાથે જ શનાકાએ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો રેકોર્ડ નોંધાવ્યો છે.પાલ્લેકેલે ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઓમાને ટોસ જીતીને શ્રીલંકાને પ્રથમ બેટિંગ આપી હતી. શ્રીલંકાની શરૂઆત નબળી રહી હતી અને ટીમે ૪૨ રનમાં જ કામિલ મિશારા અને પાથુમ નિસાંકાની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ કુસલ મેન્ડિસ અને પવન રત્નાયકેએ બાજી સંભાળી હતી અને ત્રીજી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી નોંધાવી હતી. કુસલ મેન્ડિસે ૪૫ બોલમાં ૬૧ રન અને પવન રત્નાયકેએ ૨૮ બોલમાં ૬૦ રનની આક્રમક ઈનિંગ રમી હતી.ત્યારબાદ મેદાન પર આવેલા કેપ્ટન દાસુન શનાકાએ તોફાની બેટિંગ કરતા માત્ર ૧૯ બોલમાં પાંચ સિક્સ અને બે ફોર સાથે પોતાની અડધી સદી પૂરી કરી હતી. તેણે મેન્ડિસ સાથે ચોથી વિકેટ માટે ૬૩ રનની ભાગીદારી કરી હતી. શનાકાની આ ઈનિંગના દમ પર શ્રીલંકાએ ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૨૨૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જે આ વર્લ્ડ કપનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે.૨૨૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓમાનની ટીમ શ્રીલંકાના બોલરો સામે લાચાર દેખાઈ હતી. ઓમાનની ટીમે પાવરપ્લેની પ્રથમ ૬ ઓવરમાં જ ૩ વિકેટ ગુમાવી દીધી હતી. ટીમ તરફથી એકમાત્ર મોહમ્મદ નદીમે ૫૩ રન બનાવીને સંઘર્ષ કર્યો હતો અને આખી ટીમ ૧૨૦ રન પર સમેટાઈ ગઈ હતી. શ્રીલંકા તરફથી દુષ્મંતા ચમીરા અને મહીશ તીક્ષણાએ ૨-૨ વિકેટ ઝડપી હતી, જ્યારે વેલાલાગે, હેમંથા અને કામિન્દુ મેન્ડિસને ૧-૧ સફળતા મળી હતી.કેપ્ટન શનાકાએ માત્ર ૧૯ બોલમાં અડધી સદી ફટકારીને રોહિત શર્માના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે. રોહિત શર્માએ ૨૦૨૪ના વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા સામે ૧૯ બોલમાં અડધી સદી ફટકારી હતી, જે ટીર૦ વર્લ્ડ કપમાં કોઈ પણ કેપ્ટન દ્વારા ફટકારવામાં આવેલી સૌથી ઝડપી અડધી સદી છે. આ ઉપરાંત, શનાકા હવે શ્રીલંકા માટે ટીર૦ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે.શ્રીલંકાએ ટીર૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં બીજી વખત ૧૦૦થી વધુ રનના અંતરથી મેચ જીતી છે. આ અગાઉ ૨૦૦૭માં કેન્યા સામે શ્રીલંકાએ ૧૭૨ રને જીત મેળવી હતી. નોંધનીય છે કે ભારત અત્યાર સુધી ટીર૦ વર્લ્ડ કપમાં ક્યારેય ૧૦૦ કે તેથી વધુ રનના અંતરથી જીત્યું નથી.શ્રીલંકાએ બનાવેલો ૨૨૫ રનનો સ્કોર ટીર૦ વર્લ્ડ કપના ઈતિહાસનો ચોથો સૌથી મોટો સ્કોર છે. આ સાથે જ આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાએ કેનેડા સામે બનાવેલા ૨૧૩ રનના રેકોર્ડને તોડીને શ્રીલંકાએ આ વર્ષનો સર્વોચ્ચ સ્કોર પોતાના નામે કર્યો છે. ટીર૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ ૨૬૦ રન બનાવવાનો રેકોર્ડ પણ શ્રીલંકાના નામે જ છે.

# બાવળામાં કિન્નર સમાજે ૧૧ જરૂરિયાતમંદ દીકરીને પરણાવી

અમદાવાદ, તા.૧૨

સામાન્ય રીતે સમાજમાં જ્યારે પણ કોઈ શુભ પ્રસંગ હોય ત્યારે લોકો કિન્નર સમાજના આશીર્વાદ લેવા જતા હોય છે. પરંતુ અમદાવાદ જિલ્લાના બાવળાના આંગણે આજે(૧૨ ફેબ્રુઆરી) એક ઉમદા અને પ્રેરણાદાયી ઘટના જોવા મળી છે, જ્યાં કિન્નર સમાજે પોતે પિતાની ભૂમિકા ભજવીને ૧૧ દીકરીઓના ઘર વસાવ્યા છે.અમદાવાદ જિલ્લાના બાવળાના અમૃતબાગ ખાતે સબુ દે અને કશીશ દે દ્વારા ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કિન્નર સમાજે ૧૧ જરૂરિયાતમંદ દીકરીઓના લગ્ન કરાવીને કરિયાવર સાથે સાસરે વળાવી હતી. જેમાં દરેક દીકરીને અંદાજે ૩ લાખ રૂપિયાના આપવામાં આવેલા કરિયાવરમાં ઘરવખરીના સામાન સાથે સોના-ચાંદીના દાગીનાનો પણ સમાવેશ થાય છે. કિન્નર સમાજે દીકરીઓને પિતા જેવો પ્રેમ અને આર્થિક હુંફ આપીને ધામધૂમથી સાસરે વળાવવામાં આવી હતી.આ મંગલ પ્રસંગે આશીર્વાદ આપવા માટે વિવિધ જગ્યાએથી સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં લોકપ્રિય ગુજરાતી અભિનેત્રી મમતા સોની અને જાણીતા હાસ્ય કલાકાર પ્રકાશ મંડોરાએ ખાસ હાજરી આપી હતી. કિન્નર સમાજ દ્વારા કરવામાં આવેલી આ અનોખી પહેલની બાવળા સહિત સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે. લોકો આ કાર્યને બિરદાવી રહ્યા છે કે, જે સમાજ પાસે લોકો આશીર્વાદ લેવા જાય છે, તે સમાજે આજે દીકરીઓનું કન્યાદાન કરીને સમાજ સામે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### હવે રિકવરી એજન્ટોની ખેર નહીં

# RBIએ નવા નિયમો જાહેર કર્યા, લોન લેનારા ગ્રાહકોને રાહત

નવી દિલ્હી, તા.૧૨


ભારતીય રિઝર્વ બેંક (RBI)એ લોન રિકવરી પ્રક્રિયાને લઈને નવા નિયમો જાહેર કર્યા છે. છેલ્લા ઘણા સમયથી રિકવરી એજન્ટો દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવતા અમાનવીય વ્યવહાર અને ગેરકાયદેસર હેરાનગતીની ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી બેંકો, ગ્રામીણ બેંકો, NBFC, અને સહકારી બેંકો સહિતની તમામ નાણાકીય સંસ્થાઓએ રિકવરી માટે માનવીય અભિગમ અપનાવવો પડશે. RBI એ સ્પષ્ટ કર્યું છે કે, બેંકોએ હવે રિકવરી એજન્ટોની નિમણૂક માટે એક સ્પષ્ટ નીતિ બનાવવી પડશે. આ નીતિમાં એજન્ટોની યોગ્યતા, તેમની ઓળખની તપાસ અને આચારસંહિતાનો સમાવેશ કરવો ફરજીયાત છે. ગ્રાહકો પર કોઈપણ પ્રકારનું અયોગ્ય દબાણ લાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને જ્યારે ગ્રાહક કોઈ ફરિયાદ નોંધાવે, ત્યારે જ્યાં સુધી તેનું નિવારણ ન આવે ત્યાં સુધી બેંકે રિકવરીની પ્રક્રિયા અટકાવવી પડશે. જો ગ્રાહકની ફરિયાદ ખોટી હશે તો પ્રક્રિયા ચાલુ રખાશે. આ ઉપરાંત, બેંકોએ પોતાની વેબસાઈટ અને શાખાઓ પર એજન્ટોની અપડેટેડ યાદી પણ જાહેર કરવી પડશે જેથી ગ્રાહકો છેતરાય નહીં.

રિકવરી એજન્ટ પાસે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેંકિંગ એન્ડ ફાઈનાન્સ (IIBF) નું પ્રમાણપત્ર હોવું ફરજિયાત છે. નિમણૂક પહેલા એજન્ટની ઓળખની કડક તપાસ કરવી પડશે અને તેમની પાસેથી નીતિઓના પાલન માટે લેખિત સંમતિ લેવી પડશે. જો કોઈ એજન્ટ નિયમ તોડે તો બેંકે તેનો કોન્ટ્રાક્ટ રદ કરવા જેવી દંડાત્મક કાર્યવાહી કરવાની રહેશે. એજન્ટો ગ્રાહકનો સંપર્ક માત્ર સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી જ કરી શકશે. જો ગ્રાહક કોઈ ચોક્કસ સમયે કોલ ન કરવા વિનંતી કરે, તો તેનું સન્માન કરવું પડશે. પરિવારમાં મૃત્યુ, લગ્ન કે તહેવાર જેવા પ્રસંગોએ ગ્રાહકની મુલાકાત લેવા કે કોલ કરવા પર મનાઈ છે. ગ્રાહક સાથે થતી તમામ વાતચીતનું રેકોર્ડિંગ કરવું અનિવાર્ય રહેશે અને ગ્રાહકને તેની જાણ કરવાની રહેશે. એજન્ટો દ્વારા ગ્રાહકો સાથે ગાળાગાળી, ધમકી કે શારીરિક હિંસાના કોઈપણ કૃત્ય પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર મેસેજ મોકલીને કે ગ્રાહકના પરિવાર અને મિત્રોને પરેશાન કરી શકાશે નહીં. રિકવરી માટે ગ્રાહકની બે વખતની પસંદગીની જગ્યાએ જવું પડશે, જો ન આવે તો ઘર કે કાર્યસ્થળ પર જઈ શકાશે. ગ્રાહકની માત્ર કેટલીક જ વિગતો એજન્ટ સાથે શેર કરી શકાશે, તેની ગુપ્તતા જાળવવી બેંકની જવાબદારી રહેશે. રિકવરી કેસ સોંપતા પહેલા બેંકે ગ્રાહકને લેખિત નોટિસ, SMS કે ઈમેલ દ્વારા એજન્ટની સંપૂર્ણ વિગતો આપવી પડશે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ૨૮૭મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો







ચલાલા–અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૮૭મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી – ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું ચાડીયા તથા સરકારી આયુર્વેદ દવાખાનું સરસીયા અને સરકારી હોમીયોપેથીક દવાખાનું જનરલ હોસ્પિટલ અમરેલીના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ પ.પુજય સંત ડો. રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટયથી થયો હતો. બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી. સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણીની યાદમાં ભાયાણી પરિવાર યુ.કે.ના આર્થિક સહયોગથી યોજનાર રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૪૨ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં તથા ડો. બોરીસાગર દ્વારા અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. પ્રકાશભાઈ, ડો. આરતીબેન તથા ડો. હેતલબેનએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. ઈશાબેન તથા ડો. દિગીશાબેન દ્વારા અનેક દર્દીઓને દાતં કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભુષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

### શહેરમાં આસ્થાભર્યો માહોલ ઉભો કરતી ઘટના

## અમરેલીનાં પૌરાણિક નાગદેવતા મંદિરમાં શિવલિંગ ઉપર નાગદેવતાનાં દર્શન થયા

### શિવભક્તોમાંથી હર હર મહાદેવનાં નાદ ઉઠયા

અમરેલી, તા. ૧૨

અમરેલીના રાજમહેલ કેમ્પસમાં આવેલ સુપ્રસિધ્ધ અને પૌરાણિક નાગદેવતા મંદિરમાં બિરાજમાન ભગવાન ભોળાનાથની શિવલિંગ ઉપર ગઈકાલે સાંજનાં સમયે નાગ દેવતાના દર્શન થયા હતા. જે પ્રસંગે હજારો ભક્તો આ અલૌકિક દર્શનનો લાભ લેવા માટે થઈ નાગદેવતા મંદિર ખાતે દોડી આવ્યાં હતાં. અને હર હર મહાદેવના નાદ ગુંજી ઊઠયો હતો. આ નાગદેવતા મંદિરે નાગદેવતાના વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થવા પામેલ છે.



શિવભક્તોમાંથી મળતી વિગત મુજબ અમરેલી શહેરની મધ્યમાં આવેલ રાજમહેલ કેમ્પસમાં ખાતે સુપ્રસિધ્ધ અને પૌરાણિક નાગદેવતા મંદિરનું મંદિર આવેલ છે. ત્યારે આ મંદિરમાં ભગવાન ભોળાનાથની મહાશિવરાત્રિની તડામાર તૈયારીઓ ચાલતી હોય, મોટી સંખ્યામાં શિવભક્તો આ કામગીરીમાં જોડાયા હતાં. ત્યારે આ નાગદેવતા મંદિરમાં બિરાજમાન ભગવાન ભોળાનાથની શિવલિંગ ઉપર ગઈકાલે સાંજનાં સમયે નાગ દેવતાનાં દર્શન થયા હતા.

મહાશિવરાત્રિના પાવન તહેવાર પૂર્વે આ પ્રસંગે હજારો ભક્તો આ અલૌકિક દર્શનનો લાભ લેવા માટે થઈ નાગદેવતા મંદિર ખાતે દોડી આવ્યાં હતાં. અને હર હર મહાદેવના નાદ ગુંજી ઊઠયો હતો. આ નાગ દેવતા મંદિરે નાગ દેવતાના વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### વડિયાનાં લુણીધાર ગામે

દામોદરા પોતાનુ મોટર સાયકલ લઈ કૌશીક સાથે ભટકાવી દઈ અને ઉપરથી ગાળો આપી જતા રહેલા હતાં.

ત્યારબાદ થોડા સમય પછી તે જ ગામે રહેતાં નિખીલ અનીલભાઈ દામોદરા, નયન અનીલભાઈ દામોદરા તથા અનીલભાઈ આંબાભાઈ દામોદરા નામનાં ત્રણેય આરોપીઓ યુવકના ઘરે આવી કૌશીક કયા છે ? તેમ કહી યુવકના ભાભી તમામ આરોપીઓને સમજાવતા હોય. પરંતુ આરોપીઓ ઉશ્કેરાઈ જઈ લોખંડનો પાઈપ લઈ યુવકનાં ભાભીને ડાબા પગના ગોઠણના ભાગે મારી ઈજા કરેલ હતી અને આ દરમ્યાન યુવક વચ્ચે પડતા આરોપીએ પોતાના હાથમાં રહેલ લોખંડનો પાઈપ યુવકના માથાના ભાગે મારી દઈ ગંભીર ઈજા કરેલ હતી. કૌશીકને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયાનાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરી કયારે શરૂ થશે

લીલીયા, તા. ૧૨

લીલીયામાં પીપળવા માર્ગ પર રેલ્વે ફાટક આવેલ છે. તે ફાટક ઉપર ઓવરબ્રિજ મંજુર થયેલ પરંતુ તેની કામગીરી શરૂ કરવામાં આવેલ નથી. જેના કારણ વારંવાર ફાટક બંધ રહેતા વાહન ચાલકોને પરેશાની થાય છે. ૨૪ કલાકમાં ૨૪ કરતા વધારે માલગાડી અને પેસેન્જર ટ્રેઈન પસાર થતી હોઈ ફાટક બંધ રહેવાથી વાહન વ્યવહાર થંભી જાય છે અને વાહનચાલકોને ખુબ જ મુશ્કેલી પડે છે.

ઓવરબ્રિજની કામગીરી સત્વરે શરૂ થાય તેવું આમ જનતા ઈચ્છા રહી છે. તેવું આ વિસ્તારના ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવેછે.

### જાહેર કેવીએટ

કેવીએટ અરજ નં. / ૨૦૨૬

**નામ. રાજુલાના મહે.શ્રી પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા.**

**અરજદાર :** ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ
હેડ ઓફીસ રેસેકોર્સ વડોદરા મુકામે આવેલ છે જેની નીચ એક ડિવિજન ઓફીસ
અમરેલી તથા સાવરકુંડલા મુકામે આવેલ છે
કાર્યપાલક ઈજનેરશ્રી, (પ્રવહન) ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ
મુ. સાવરકુંડલા, તા. સાવરકુંડલા જિ. અમરેલી.

**વિરૂધ્ધ :** સામાવાળા ––૦––

**બાબત :– સી.પી.સી. કલમ ૧૪૮–એ અન્વયે કેવીએટ અરજ...**

આ કામના અરજદાર વિજ કંપની દ્વારા ૨૨૦ કે.વી. ઓથા સબ સ્ટેશનથી જી.પી.પી.સી. સબ સ્ટેશન સુધીની વિજ લાઈન કે જે વિજ લાઈનમાં તોકતે વાવાઝોડાના કારણે સદરહુ વિજ લાઈનના પોલ તથા વાયરો પડી ગયેલ હોય જે વિજ લાઈનમાં વિજ ટાવરો ઉભા કરવાની અને વાયરો ખેંચવાની કામગીરી કરી રહેલા છીએ. સદરહુ વિજ લાઈન રાજુલા તથા જાફરાબાદ તાલુકાના દેવકા, હડમતીયા, કડીયાળી, ભેરાઈ, ભચાદર, ઉચૈયા, લોઠપુર, લુણસાપુર ગામોની સીમમાંથી પસાર થતી હોય વિજલાઈનના થાંભલા ઉભા કરવાની તથા વાયરો ખેંચવાની નિયમ અનુસાર કામગીરી શરૂ કરેલ છે. સદરહુ ઉપર મુજબના ગામો અને તેના આસપાસના વિસ્તારોના ગામોમાંથી પસાર થતી હોય આ લાઈન ઉભી કરવાના અમારા કાયદેસરની કામગીરીમાં કોઈ ઈસમ, સંસ્થા, મંડળ કે, કોઈપણ વ્યકિત તેમના મળતીયાઓની બદશીખવણીનો ભોગ બનીને નામ. અદાલતમાં તમામ સાચી હકીકતને બદદાનતથી છુપાવીને વિકૃત રીતે રજુ કરી આપ નામ. અદાલતમાં તેમનો અવાંતર હેતુ સિધ્ધ કરવા અમારા કાયદેસરના કૃત્યને અવરોધ અને વિલંબમાં મુકવા માટેના પ્રયત્નોરૂપે આપ નામ. અદાલતમાં દાવો દાખલ કરી વચગાળાની અરજ કે આદેશાત્મક કોઈપણ હુકમ સબંધે અરજ કરે તો અમો અરજદારને પ્રથમ સાંભળવા તથા નોટીસ કાઢવા અને ત્યારબાદ જ યોગ્ય તે હુકમ કરવા હાલની આ જાહેર કેવીએટનામ. અદાલતમાં તા.૧૬–૦૨–૨૦૨૬ નાં રોજ દાખલ કરેલ છે.

અરજદાર તર્ફે

તા.૧૩–૦૨–૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
ઓફીસ :– " અંબિકા ચેમ્બર્સ " માણેકપરા, અમરેલી.
મોબાઈલ નં. ૯૩૨૭૭ ૮૨૫૮૧

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી હસનઅલી અકબરઅલી સૈયદ અપીલ રજી નં. ૬૪/૨૦૨૬
રહે. જીવાપરા શેરી નં. ૨ અમરેલી, તા.જી.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.અમરપુર વરૂડી, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટિસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરપુર વરૂડી ગામમાં અરજદારશ્રી **હસનઅલી અકબરઅલી સૈયદ** તેઓના નાનાભાઈ **અલીહુસેન અકબરઅલી સૈયદની** જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૬)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૧–૦૨–૨૦૨૬** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### જાહેર કેવીએટ

કેવીએટ અરજ નં. / ૨૦૨૬

**નામ. જાફરાબાદના મહે.શ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં મુ. જાફરાબાદ.**

**અરજદાર :** ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ
હેડ ઓફીસ રેસેકોર્સ વડોદરા મુકામે આવેલ છે જેની નીચ એક ડિવિજન ઓફીસ
અમરેલી તથા સાવરકુંડલા મુકામે આવેલ છે
કાર્યપાલક ઈજનેરશ્રી, (પ્રવહન) ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ
મુ. સાવરકુંડલા, તા. સાવરકુંડલા જિ. અમરેલી.

**વિરૂધ્ધ :** સામાવાળા ––૦––

**બાબત :– સી.પી.સી. કલમ ૧૪૮–એ અન્વયે કેવીએટ અરજ...**

આ કામના અરજદાર વિજ કંપની દ્વારા ૨૨૦ કે.વી. ઓથા સબ સ્ટેશનથી જી.પી.પી.સી. સબ સ્ટેશન સુધીની વિજ લાઈન કે જે વિજ લાઈનમાં તોકતે વાવાઝોડાના કારણે સદરહુ વિજ લાઈનના પોલ તથા વાયરો પડી ગયેલ હોય જે વિજ લાઈનમાં વિજ ટાવરો ઉભા કરવાની અને વાયરો ખેંચવાની કામગીરી કરી રહેલા છીએ. સદરહુ વિજ લાઈન રાજુલા તથા જાફરાબાદ તાલુકાના દેવકા, હડમતીયા, કડીયાળી, ભેરાઈ, ભચાદર, ઉચૈયા, લોઠપુર, લુણસાપુર ગામોની સીમમાંથી પસાર થતી હોય વિજલાઈનના થાંભલા ઉભા કરવાની તથા વાયરો ખેંચવાની નિયમ અનુસાર કામગીરી શરૂ કરેલ છે. સદરહુ ઉપર મુજબના ગામો અને તેના આસપાસના વિસ્તારોના ગામોમાંથી પસાર થતી હોય આ લાઈન ઉભી કરવાના અમારા કાયદેસરની કામગીરીમાં કોઈ ઈસમ, સંસ્થા, મંડળ કે, કોઈપણ વ્યકિત તેમના મળતીયાઓની બદશીખવણીનો ભોગ બનીને નામ. અદાલતમાં તમામ સાચી હકીકતને બદદાનતથી છુપાવીને વિકૃત રીતે રજુ કરી આપ નામ. અદાલતમાં તેમનો અવાંતર હેતુ સિધ્ધ કરવા અમારા કાયદેસરના કૃત્યને અવરોધ અને વિલંબમાં મુકવા માટેના પ્રયત્નોરૂપે આપ નામ. અદાલતમાં દાવો દાખલ કરી વચગાળાની અરજ કે આદેશાત્મક કોઈપણ હુકમ સબંધે અરજ કરે તો અમો અરજદારને પ્રથમ સાંભળવા તથા નોટીસ કાઢવા અને ત્યારબાદ જ યોગ્ય તે હુકમ કરવા હાલની આ જાહેર કેવીએટનામ. અદાલતમાં તા.૧૬–૦૨–૨૦૨૬ નાં રોજ દાખલ કરેલ છે.

અરજદાર તર્ફે

તા.૧૩–૦૨–૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
ઓફીસ :– " અંબિકા ચેમ્બર્સ " માણેકપરા, અમરેલી.
મોબાઈલ નં. ૯૩૨૭૭ ૮૨૫૮૧

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૧ | ૧૫૭૧ |
| ૨ | સોયાબીન | ૯૦૧ | ૯૦૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૫૫ | ૧૪૯૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| ૩ | શિંગ મોટી | ૧૦૯૦ | ૧૫૭૦ |
| ૪ | શિંગદાણા | ૧૩૦૦ | ૨૦૯૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૮૦ | ૨૦૪૦ |
| ૬ | તલ સફેદ | ૯૦૦ | ૨૧૫૫ |
| ૭ | તલ કાળા | ૧૭૦૦ | ૨૬૦૦ |
| ૮ | જુવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૫ |
| ૧૧ | ચણા | ૬૯૦ | ૧૦૫૫ |
| ૧૨ | છોલે ચણા | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૧૩ | તુવેર | ૭૦૦ | ૧૫૮૫ |
| ૧૪ | કપાસ | ૯૧૦ | ૧૬૦૦ |
| ૧૫ | એરંડા | ૧૦૩૫ | ૧૨૭૫ |
| ૧૬ | ધાણા | ૧૫૫૦ | ૧૮૫૦ |
| ૧૭ | ધાણી | ૧૪૦૦ | ૨૨૪૦ |
| ૧૮ | સોયાબીન | ૯૨૫ | ૧૦૧૦ |
| ૧૯ | મરચા લાંબા | ૨૪૪૦ | ૭૨૦૦ |
| ૨૦ | કાંગ | ૩૦૫ | ૩૦૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૫૦ | ૧૨૯૦ |
| ૨ | ઘઉં | ૫૦૩ | ૫૦૩ |
| ૩ | ચણા | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ૪ | તુવેર સફેદ | ૧૨૧૧ | ૧૫૧૫ |
| ૫ | ધાણા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૬ | બાજરો | ૩૯૫ | ૩૯૫ |
| ૭ | શીંગદાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૭૫ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૨૦ | ૧૫૪૮ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૪૫૩૨ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૨૬૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૦ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૬૦૫ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૧૧૦૫ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | તુવેર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | મેથી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| ૧૩ | રાય/રાયડો | ૧૨૦૦ | – |
| ૧૪ | ધાણા | ૧૬૦૦ | ૨૦૦૧ |
| ૧૫ | સોયાબીન | ૯૦૦ | ૧૦૪૦ |
| ૧૬ | અજમા | ૨૧૨૦ | – |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૨૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૩ | ૪૮૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૨ |
| ૪ | ચણા | ૯૯૦ | ૧૦૪૦ |
| ૫ | ધાણા | ૧૩૦૦ | ૧૬૧૪ |
| ૬ | તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૭ | સોયાબીન | ૮૪૫ | ૧૦૨૦ |
| ૮ | મગફળી | ૧૧૫૫ | ૧૨૫૫ |
| ૯ | તુવેર | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૨૦ | ૧૪૭૫ |
| ૧૧ | જુવાર | ૯૦૦ | ૯૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૦ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૪૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૨૦ | ૧૭૯૦ |
| ૫ | જીરૂ | ૩૨૨૦ | ૩૯૯૦ |
| ૬ | ચણા | ૯૨૫ | ૧૦૬૫ |
| ૭ | તુવેર | ૯૮૦ | ૧૪૯૦ |
| ૮ | ધાણા | ૯૨૦ | ૧૮૩૦ |

### રાજયનાં મંત્રી પરશોતમભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં

# રાજુલા ખાતે તળપદા કોળી સમાજ દ્વારા 30 મો સમુહલગ્નોત્સવ યોજાયો

**વધુમાં વધુ પરિવારોને સમુહલગ્નમાં જોડાવવા અનુરોધ થયો**




રાજુલા, તા. ૧૨

રાજુલા ખાતે રાજયનાં મંત્રી પરશોતમભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં તળપદા કોળી સમાજ દ્વારા ૩૦મો સમુહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રકતદાન કેમ્પનું પણ આયોજન કરાયુ હતું.

આ તકે જોડાવવા સમગ્ર સમાજનાં પરિવારોને સમુહલગ્નમાં જોડાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનાં માર્ગદર્શનતળે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયુ હતું. અને માતૃશ્રી મીરામા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા કરિયાવર અર્પણ કરવામાં આવ્યો હતો.

### વિરાટ હિન્દુ મહા સંમેલન અંતર્ગત

# ચલાલાનાં શ્રી ભીમનાથ મહાદેવ મંદિરમાં આગેવાનોની ઉપસ્થિતિમાં મહત્વની બેઠક યોજાઈ

**આગામી મંગળવારે શહેરને સુશોભીત કરવામાં આવશે**

ચલાલા, તા. ૧૨

રાષ્ટ્રીય સંયમ સંઘ આરએસએસની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગરૂપે આખા ભારત દેશમાં હિન્દુ મહાસંમેલનો યોજાઈ રહ્યા છે તે અંતર્ગત ચલાલા મંડળમાં આવતા ૧૦ નાના ગામડાઓ સહિત ચલાલા શહેરનું એક 'શ્રી દાનેવ વિરાટ મહા હિન્દુ સંમેલન તા.૧૭/૨/૨૦૨૬ મંગળવારે આર.કે.એમ.એમ. હાઈસ્કૂલના પટાંગણમાં સવારે ૯:૦૦ કલાકે યોજાશે. તેની તૈયારીના ભાગરૂપે અને માર્ગદર્શન માટે ચલાલાના પૌરાણિક ભીમનાથ મહાદેવ મંદિરમાં એક અગત્યની બેઠક જિલ્લા કાર્યવાહક સૌરભભાઈ મકવાણાના માર્ગદર્શન અને આ વિરાટ હિન્દુમહા સંમેલનના અધ્યક્ષ ગોરધનભાઈ ગેડિયાની ઉપસ્થિતિમાં મળી હતી. આ વિરાટ હિંદુ મહા સંમેલનના મંત્રી સંદીપભાઈ પાનસુરીયા એ વિગત આપતા જણાવ્યું હતું કે તા.૧૭/૨ મંગળવારના યોજનારા વિરાટ હિન્દુમહા સંમેલનમાં આ વિસ્તારના મોટી સંખ્યામાં સાધુ સંતો મહંતો અને દરેક મંદિરના પૂજારીઓ સહિત વિશાળ સંખ્યામાં હિન્દુ સમાજના ભાઈ બહેનો અને યુવાનો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ સંમેલનના મુખ્ય વકતા તરીકે આષઅધ્યયન કેન્દ્ર અમરેલીના આદરણીય સ્વામી નિત્ય શુદ્ધા નંદસરસ્વતી, અને સેરાષ્ટ્ર પ્રાંત સહ પ્રચારક કમલેશભાઈ રાદડિયા સહિત પૂજય દાન બાપુની જગ્યાના મહંત મહારાજ મહાવીર બાપુ ગાયત્રી સંસ્કારધામના વડા ડો. રતિદાદા મહેતા, નેસડી ખોડલધામ મંદિરના મહંત લવજી બાપુ, સહિતના સંતો ઉપસ્થિત રહી માર્ગદર્શન સથે આર્શીવચન પાઠવશે તેમજ આ વિરાટ મહા હિન્દુ સંમેલનમાં હજ્જારો હિન્દુઓ એકી સાથે એક પંગતમાં બેસી ભોજન પ્રસાદનો અમૂલ્ય લાભ લેશે. તેમજ સમસ્ત હિંદુ સમાજની સંસ્કૃતિને ઉજાગર કરતા ફ્લોટસનું પ્રદર્શન રાખવામાં આવેલ છે. આખા શહેરના રાજમાર્ગોમાં તેમજ જાહેર ચોક માં ધજા પતાકા અને બેનરો લગાવી શહેરને કેસરિયા રંગથી સુશોભિત કરાશે. શહેરના અંદાજે ૫૦૦૦ હિન્દુ સમાજના પપરીવારોના ડોર ટુ ડોર બધા જ ના ઘરે વ્યકિતગત નિમંત્રણ કાર્ડ પહોંચતા કરવામાં આવશે. તેમજ આ વિરાટ મહા હિંદુ સંમેલનમાં ખાસ યુવાન વિદ્યાર્થી ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ વિરાટમાં હિન્દુ સંમેલન યોજવા પાછળનો મુખ્ય હેતુ ' પંચ પરિવર્તન' એટલે સ્વદેશી ભાવ જાગરણ, સામાજિક સમરસતા, પર્યાવરણ જાળવણી, કુટુંબ પ્રબોધન, અને નાગરિક કર્તવ્યને, ઉજાગર કરવાનો મુખ્ય



હેતુ છે. આ વિરાટ મહા હિન્દુ સંમેલનને સફળ બનાવવા માટે અપ્રયક્ષ ગોરધનભાઈ ગેડીયાના માર્ગદર્શન નીચે અલગ અલગ સમિતિની રચના કરી કામગીરી સોંપવામાં આવેલ છે. આ વિરાટ મહા હિન્દુ સંમેલનને લઈને ચલાલા સમસ્ત હિંદુ સમાજમાં ભારે ઉમંગ ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી રહી છે આ વિરાટમાં હિન્દુ સંમેલનને ત્રિવેણી સંગમ માનવ મંદિર ચલાલા, અને ગાયત્રી સંસ્કારધામ ચલાલા, દ્વારા વિશેષ સહયોગ મળી રહ્યો છે.

### ધારાસભ્ય તળાવિયાનાં હસ્તે

# ચાવંડ ગામે પંચાયત ભવનનું ખાતમુર્હત કરાયુ

**ગ્રામજનોમાં ખુશીનો માહોલ**



અમરેલી, તા. ૧૨

લાઠી તાલુકાના ચાવંડ ગામે ગ્રામ વિકાસને નવી દિશા આપનાર પંચાયત ભવનના નવ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત વિધિવત્ આયોજન સાથે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મંગલાચાર અને પૂજનવિધિ સાથે કરવામાં આવી હતી. પંચાયત ભવન ગામના શાસકીય તથા વિકાસલક્ષી કાર્યો માટે એક કેન્દ્રસ્થાન તરીકે કાર્ય કરશે. નવા ભવનમાં ગ્રામજનોને વિવિધ શાસકીય યોજનાઓની માહિતી, અરજીઓની પ્રક્રિયા, બેઠકઓ તેમજ સામાજિક કાર્યક્રમો માટે સુવિધાસભર માહોલ ઉપલબ્ધ થશે.

આ અવસરે ધારાસભ્યએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રાજય સરકાર ગામડાંના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ છે. ચાવંડ ગામે પંચાયત ભવનનું નવું નિર્માણ ગામના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. તેમણે વધુમાં ઉમેર્યુ કે ગ્રામ વિકાસ, માર્ગ વ્યવસ્થા, પાણી પુરવઠો, સ્વચ્છતા અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

સરપંચે જણાવ્યું હતું કે જૂનું પંચાયત ભવન જગ્યાની અછત અને અપૂરતી સુવિધાઓને કારણે ગ્રામજનો માટે અનુકૂળ ન હતું, જેથી નવું આધુનિક ભવન ગામ માટે આશીર્વાદરૂપ બનશે. તેમણે વિકાસ કાર્યો માટે રાજય સરકાર અને ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

# ૧૩ ફેબ્રુઆરી, ''સરોજિની નાયડુ જન્મજયંતી''

## સ્ત્રી એટલે વાત્સલ્ય, માંગલ્ય, માતૃત્વ અને કર્તવ્ય

અમરેલી, તા. ૧૨

સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯નાં રોજ હૈદરાબાદનાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેઓ ભારતનાં પ્રથમ મહિલા રાજયપાલ હતાં. તેમના પિતાનું નામ અઘોરીનાથ ચટ્ટોપાધ્યાય હતું, જેઓ વિદ્વાન, વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞ, સમાજ સુધારક અને કેળવણીકાર હતા. સરોજિનીનાં માતાનું નામ વરદાસુંદરીદેવી હતું. સરોજિની નાયડુ ૧૨ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને મદ્રાસમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતા ત્યારબાદ ૧૮૯૫માં તેઓએ ઈંગ્લેન્ડમાં લંડનની 'કિંગ્ઝ કોલેજ' અને 'કેમ્બ્રિજની ગિરટન' કોલેજમાં વિદ્યાભ્યાસ કર્યો. તેઓ ૧૪ વર્ષની વયે ગોવિંદા, રાજુલુ, નાયડુ સાથે પરિચયમાં આવ્યા હતા અને ૧૮૯૮માં સરોજિનીએ નાયડુ સાથે 'સિવિલ મેરેજ' કર્યા હતા. એમને ચાર સંતાનો હતા : જયસૂર્ય, પદ્મજા, રણધીર અને લીલામણિ. તે કવિતાઓ પણ લખતા હતાં. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ ' હીરાની ઉંબર' ઈ.સ. ૧૯૦૫માં બહાર પડ્યો. તેમણે 'ધ લેડી ઓફ ડ લેક' શીર્ષક હેઠળ ૧૩૦૦ પંક્તિઓની કવિતા તથા ૨૦૦૦ પંક્તિઓનું નાટક લખ્યું હતું. તેમણે 'ધ ગોલ્ડન થ્રેશેલ્ડ', 'ધ બર્ડ ઓફ ટાઈમ' અને 'ધ બ્રોકન વિંગ' નામનાં કાવ્યસંગ્રહો પણ લખ્યા હતાં. ઈ.સ. ૧૯૦૮માં મદ્રાસમાં મળેલા વિધવા પુનઃલગ્ન માટેનાં અધિવેશનમાં તેમણે સ્ત્રીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. ૧૯૧૪માં ગાંધીજીને મળ્યા અને તેમના જીવનમાં પરીવર્તન આવ્યું અને તેઓ સ્ત્રીસેવા, સમાજસેવા અને સત્યાગ્રહની લડતમાં ગળાબૂડ ડૂબી ગયા. ઈ.સ. ૧૯૧૫થી



૧૯૧૮ સુધી તેમણે ભારતનાં વિવિધ ગામડાં અને શહેરોમાં પૂર્વકલ્યાણ, શ્રમનું ગૌરવ, મહિલાઓની મુશ્કેલીઓની મુકિત તથા રાષ્ટ્રવાદ પર પ્રવચનો આપતા હતા. તેમણે મોટેગ્યુંચેમ્સફર્ડનો સુધારા અને રોલેટ એક્ટનો પણ ખૂબ વિરોધ કર્યો હતો. જયારે હૈદરાબાદની મૂસી નદીમાં પૂર આવ્યું હતું ત્યારે સરોજિનીએ રાહતકાર્યોનું આયોજન કર્યુ હતું. તે બદલ બ્રિટિશ સરકારે એમને ' કૈસર-એ-હિંદ' ખિતાબ અને સુવર્ણચંદ્રકથી સન્માનિત કર્યા હતા. બ્રિટિશ સરકારનાં ભારતીયો પ્રત્યેનાં અન્યાયી અને કઠોર વર્તનથી યાતના અનુભવતાં તેમણે આ ખિતાબ અને સુવર્ણચંદ્રક સરકારને પરત કર્યા હતા. ૧૯૪૨નાં હિન્દ છોડો આંદોલનમાં ભાગ લઈ તેમણે ૨૧ મહિનાની જેલની સજા ભોગવી હતી. તેમણે પોતાનું સમગ્ર જીવન સાહિત્યની અને લોકોની સેવા કરવામાં જ વિતાવ્યું હતું. વિની દરેક નારી કે જે પોતાના જીવનમાં કશુંક કરવા માંગે છે તેમને માટે સરોજિની નાયડુએ એક શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# જરખીયા ગામનાં ખેડૂતે પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફોર્મ બનાવ્યું




અમરેલી, તા.૧૨

રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધી રહ્યો છે. અમરેલી જિલ્લામાં પણ પરંપરાગત કૃષિ પદ્ધતિ છોડીને ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. અમરેલીના જરખીયા ગામના પ્રગતિશીલ ખેડૂત, ભરતભાઈ ચોવટીયાએ પરંપરાગત રસાયણયુક્ત ખેતીને હંમેશ માટે ત્યાગીને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિને અપનાવી છે.

પ્રગતિશીલ ખેડૂત, ભરતભાઈ ચોવટીયાએ જણાવ્યુ કે, એક સમયે હું મકાઈ સહિતના પાકનું વાવેતર કરતો હતો. મકાઈમાં વારંવાર જીવાતો આવવાના કારણે દવા છંટકાવ કરવો પડતો તેમ છતાં યોગ્ય પરિણામ નહોતુ મળતું આથી મેં પ્રાકૃતિક કૃષિની નવી દિશા તરફ વિચાર્યુ હતુ અને એ વિચાર થકી છેલ્લા ૭ વર્ષથી હું પ્રાકૃતિક કૃષિ કરી રહ્યો છું. તેમણે ઉમેર્યુ કે, મગફળી, તુવેર, ઘઉં, ધાણા, વરીયાળી સહિતના વિવિધ પાકનું વાવેતર કરી પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફાર્મ બનાવ્યું છે, જેમાં એકરદીઠ ઉત્પાદન અને આવક બંને વધ્યા છે. અનેક ખેડૂતોના પ્રેરણાસ્ત્રોત પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ ચોવટીયા બહુવિધ પાક અને મૂલ્યવર્ધન થકી સોશિયલ મીડિયા સહિત દેશી માર્કેટિંગ પદ્ધતિઓનો ઉપયોગ કરીને ઉત્પાદિત વિવિધ પાકનું વેચાણ કરે છે અને સારી આવક મેળવી રહ્યા છે. તેમને સફળ પ્રાકૃતિક કૃષિ માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના વરદ્હસ્તે સન્માન પણ પ્રાપ્ત થયું છે.ભરતભાઈ જણાવે છે કે, ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં જીવામૃત, ઘન જીવામૃત, દશપર્ણી અર્કની મદદથી પ્રાકૃતિક કૃષિમાં અનેક પ્રકારના લાભ મળે છે. જમીનની ફળદ્રુપતા વધે છે અને સારૂં પાક ઉત્પાદન પણ મળે છે.યોગ્ય માર્ગદર્શન, દ્રઢ સંકલ્પ, મહેનતથી પ્રાકૃતિક કૃષિમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે. પ્રાકૃતિક કૃષિએ સમયની પ્રમુખ માંગ પૈકીની એક માંગ છે. આજે નહીં તો કાલે ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ તરફ વળવું પડશે અને ભવિષ્યની પેઢીઓની આરોગ્ય સુરક્ષા સુનિશ્વિત કરવી પડશે. પ્રગતિશીલ ખેડૂત, ભરતભાઈ ચોવટીયા મોડેલ પ્રાકૃતિક કૃષિ ફાર્મ બનાવીને પરંપરાગત કૃષિ કરતા ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે.

# હિપાવડલી લટુરિયા હનુમાનજી આશ્રમ ખાતે દેશભક્તોનું સન્માન કરાયું



અમરેલી, તા. ૧૨

હીપાવડલીના સુપ્રસિધ્ધ લટુરિયા હનુમાનજી મંદિર ખાતે આજે સવારના ૧૧ કલાકે ૧૯ દેશભક્તોનું વિશિષ્ટ સન્માન આશ્રમના મહંત અને મહામંડલેશ્વર જસુબાપુ ગુરૂ જમનાદાસબાપુ દ્વારા કરવામાં આવેલ. આ તકે સૌ પ્રથમ આશ્રમના સેવક ભાવેશભાઈ ભુવાએ આર્મી જવાનો સહિત ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કરેલ. ત્યારબાદ આશ્રમના મહંત પૂજય જસુબાપુના વરદ્હસ્તે ૧૯ વીર સપૂતોનું શાલ, ખેસ અને મોમેન્ટથી સન્માન કરી તેમને બિરદાવ્યા હતા. આ તકે દેશભક્તિ ગીતના તાલે વીર સપૂતો આશ્રમના મહંત જસુબાપુ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો દેશભક્તિના રંગે ઝૂમી ઉઠયા હતા. સમગ્ર આશ્રમનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. આ તકે કાત્રોડી સરપંચ ધર્મેન્દ્રસિંહ સરવૈયા, બંસીભાઈ ગોંડલીયા, શંભુસિંહ સરવૈયા, સુજાનસિંહ સરવૈયા , પ્રદ્યુમનસિંહ સરવૈયા, ગુનુભા સરવૈયા, ગોરધનભાઈ રાદડિયા સહિત આશ્રમના સેવકગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે સમગ્ર આયોજન રમેશ બાપુના માર્ગદર્શન તળે કરવામાં આવેલ.

### માનવ મંદિર આશ્રમ સંચાલીત

# સાવરકુંડલાનાં ગુરૂકુળના વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રે મેળવી સફળતા

**પુજારીના બાળકોના શૈક્ષણીક ઉત્થાન,નિઃશૂલ્ક શિક્ષણનું અભિયાન**




સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરના હાથસણી રોડ પર આવેલ જાણીતા સેવાધામ માનવ મંદિર આશ્રમ ખાતે એક ગૌરવપૂર્ણ પ્રસંગ યોજાઈ ગયો. આશ્રમમાં કાર્યરત અને રામજી મંદિરના પૂજારીઓના બાળકો માટે વિશેષ રૂપે શરૂ કરાયેલ ગુરૂકુળના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ અને શૈક્ષણિક ક્ષેત્રે ઝળકતી સફળતા પ્રાપ્ત કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. સનાતન પરંપરા અને ભારતીય સંસ્કૃતિના રક્ષણ કાજે પ.પૂ. ભક્તિરામબાપુએ એક નવીન પહેલ કરી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના રામજી મંદિરના પૂજારીઓની નબળી આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને, તેમના સંતાનો શિક્ષણથી વંચિત ન રહે તે માટે આ ગુરૂકુળમાં નિઃશુલ્ક આવાસ અને ભોજન સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે. તાજેતરમાં વિવિધ ક્ષેત્રમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓએ પોતાના પ્રમાણપત્રો પૂજય બાપુને અર્પણ કરી તેમના આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે પૂ. ભક્તિરામબાપુએ જણાવ્યું હતું કે, રામજી મંદિરના પૂજારીઓ સમાજમાં ધર્મનું જતન કરે છે, ત્યારે તેમના બાળકોને ઉત્તમ શિક્ષણ અને રહેવાની સુવિધા મળી રહે તે માટે આ ગુરૂકુળની સ્થાપના કરવામાં આવી છે. અમારો ઉદ્દેશ્ય બાળકોને માત્ર ડિગ્રી અપાવવાનો જ નહીં, પરંતુ તેમને સંસ્કારી અને સક્ષમ નાગરિક બનાવવાનો છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારના રામજી મંદિરના પૂજારીઓના બાળકો. નિઃશુલ્ક નિવાસ, ભોજન અને શિક્ષણ ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાનું રક્ષણ વિદ્યાર્થીઓની આ સફળતાને આશ્રમ પરિવાર અને શહેરના અગ્રણીઓએ વધાવી લીધી છે.

### ગુરૂહરિ મહંત સ્વામી મહારાજ દ્વારા લિખિત 'સત્સંગ દીક્ષા' ગ્રંથનો મુખપાઠ કરી

# અમરેલી જિલ્લાનાં ૯૧ બાળ-બાલિકાઓએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવી જિલ્લાનું ગૌરવ વધાર્યુ

**મિશન રાજીપો અંતર્ગત મેળવી અદ્વિતિય સિદ્ધિ**



અમરેલી, તા. ૧૨

આજના ડિજિટલ યુગમાં જયારે વિદ્યાર્થીઓ માટે 'યાદ રાખવું' એક પડકાર છે, ત્યારે અમરેલી જિલ્લાના ભૂલકાઓએ પ્રાચીન ભારતીય મુખપાઠ પરંપરાને જીવંત કરી વિ ફલક પર ડંકો વગાડયો છે. બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત 'મિશન રાજીપો' પ્રોજેકટ અંતર્ગત અમરેલી જિલ્લાના કુલ ૯૧ બાળ-બાલિકાઓએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવી અમરેલીને ગૌરવ અપાવ્યું છે.

પૂજય મહંત સ્વામી મહારાજે ૨૦૨૪ની દિવાળી પર ૧૦,૦૦૦ બાળકોને 'સત્સંગ દીક્ષા' ગ્રંથ મુખપાઠ કરવાની આજ્ઞા કરી હતી. આ સંકલ્પને ઝીલી લઈને ભારતભરમાંથી ૧૫,૬૬૬ બાળકોએ આ ગ્રંથ કંઠસ્થ કર્યો હતો. ત્યારે તાજેતરમાં વડોદરા ખાતે મહંત સ્વામી મહારાજના ૯૨માં જન્મજયંતી મહોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવની ઉપસ્થિતિમાં આ બાળકોને 'Largest Simultaneous Hindu Text Recital' માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અમરેલીનું વિશેષ યોગદાએનમાં વૈકિ સિદ્ધિમાં અમરેલી જિલ્લાના બાળકોએ પણ નોંધપાત્ર દેખાવ કર્યો છે. ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલા આંકડા મુજબ બાળ વિદ્વાનો ૫૪, બાલિકા વિદુષિઓ ૩૭ મળી કુલ બાળ બાલિકાઓ ૯૧ બાળ-બાલિકાઓએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

આ આંકડો એટલે વિશેષ છે કારણ કે આ તમામ બાળકોની ઉંમર માત્ર ૩ થી ૧૩ વર્ષની છે. અભ્યાસની સાથે સાથે મોબાઈલ, ટીવી અને રમતના આકર્ષણોને બાજુ પર મૂકી, શારીરિક બીમારી કે પારિવારિક અગવડો સામે પણ લડીને આ ભૂલકાઓએ ગુરૂને રાજી કરવાની નિષ્ઠાના બળે આ કાંટાળી કેડી પાર કરી છે.

આ મુખપાઠથી બાળકોમાં એકાગ્રતા, શિસ્ત, નમ્રતા અને સંસ્કારોનું અદભુત સિંચન થયું છે. આ તમામ બાળ વિદ્વાનો અને બાલિકા વિદુષિઓએ આ સફળતા સાથે અમરેલી જિલ્લાના યશમુગટ પર એક વધુ કલગી ઉમેરી છે.

### દેશનું ભવિષ્ય ઉજજવળ બનાવવા માટે

# રાજુલા પંથકનાં અનેક યુવાનોએ રાષ્ટ્રિય કોંગ્રેસ પક્ષ સાથે જોડાણ કર્યુ

**કોંગી આગેવાનોએ યુવાનોનું સ્વાગત કર્યુ**



અમરેલી, તા. ૧૨

રાજુલા તાલુકામાં કોંગ્રેસ પક્ષ પ્રત્યે યુવાનોમાં વધતો વિાસ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તાલુકાના અનેક યુવાનો કોંગ્રેસ પક્ષમાં સત્તાવાર રીતે જોડાઈ નવા રાજકીય અધ્યાયની શરૂઆત કરી છે.આ જોડાણ પાછળ કોંગ્રેસ અગ્રણી રાજુલા શહેરના દીપકદાદા ત્રિવેદી અને યુવા કોળી આગેવાન ચેતનભાઈ બાબુભાઈ શિયાળ દ્વારા કરવામાં આવેલી મહેનત અને સક્રિય પ્રયાસો મુખ્ય રહ્યા છે. તેમની આગેવાની અને પ્રયત્નોથી યુવાનોમાં નવી ઉર્જા અને વિાસ જન્મ્યો છે. કોંગ્રેસમાં જોડાયેલા યુવાનોમાં વિજયભાઈ પીઠાભાઈ ખસિયા, સાગરભાઈ ખસિયા, અનિભાઈ ખસિયા, અમીરભાઈ ખસિયા, દેવશીભાઈ ખસિયા, ભરતભાઈ જોગદીયા, બાબુભાઈ શિયાળ સહિત અનેક યુવાનોનો સમાવેશ થાય છે.વિશેષ નોંધનીય છે કે, આ યુવાનો રામપરા ગામની આજુબાજુ આવેલી વિવિધ કંપનીઓમાં સારામાં સારૂં પદ અને કર્મચારીવર્ગમાં પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે, જેના કારણે તેમના કોંગ્રેસમાં જોડાવાને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરૂએ ખેસ પહેરાવી સૌનું કોંગ્રેસ પરિવારમાં હાર્દિક સ્વાગત કર્યુ હતું.આ પ્રસંગે રાજુલા કોંગ્રેસના આગેવાનો ગાંગાભાઈ હડિયા, રવિરાજભાઈ ધાખડા, અબ્દુલભાઈ સેલોત, રસુલભાઈ દલ, જે.ડી. કાછડ, હિતેશભાઈ સોલંકી, નાયાભાઈ ગુજર સહિતના કાર્યકરોએ ઉપસ્થિત રહી નવા જોડાયેલા યુવાનોને શુભેચ્છા પાઠવી હતી.આ અંગે માહિતી આપતા યુવરાજભાઈ વરૂએ જણાવ્યું હતું કે, રાજુલા તાલુકામાં કોંગ્રેસ પ્રત્યે યુવાનોનો વિાસ સતત વધી રહ્યો છે. આવનારા સમયમાં વધુ યુવાનો કોંગ્રેસ સાથે જોડાશે અને સંગઠનને વધુ મજબૂત બનાવશે. રાજુલા તાલુકામાં આ જોડાણને કોંગ્રેસ માટે મહત્વપૂર્ણ રાજકીય વળાંક તરીકે માનવામાં આવી રહ્યું છે.




# નાયબ શિક્ષણ નિયામક દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને સુચના અપાઈ

# અમરેલી જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનાં વિસ્તારમાં આંટાફેરા કરતા શ્વાનનો સર્વે કરાશે

**સુપ્રીમ કોર્ટનાં આદેશોનાં અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા હેતુસર માર્ગદર્શન અપાયુ**

**જિલ્લા શિક્ષણાધિકારીનાં અધિકાર ક્ષેત્રમાં આવતી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, કચેરીઓ અને મકાનોમાં સર્વે કરાશે**

**માત્ર ૩ દિવસમાં સમગ્ર રીપોર્ટ તૈયાર કરીને મોકલવા સુચના અપાઈ**

**રખડુ શ્વાનને લઈને દિનપ્રતિદિન ચિંતા વધતી હોય તંત્ર સક્રીય થયુ**



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા સહિત રાજયમાં અનેક સ્થળોએ રખડુ શ્વાન નાગરિકોને બચકા ભરતાં હોવાની ઘટનામાં વધારો થતાં અને સુપ્રીમ કોર્ટનાં આદેશ અનુસાર રાજયનાં નાયબ શિક્ષણ નિયામકે અમરેલી સહિત રાજયનાં તમામ શિક્ષણાધિકારીઓને શૈક્ષણિક સંસ્થા હસ્તકનાં મકાનમાં રખડુ શ્વાન અંગેનો સર્વે કરી દિન–૩માં રીપોર્ટ કરવા સુચના આપેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે હોસ્પિટલ, દવાખાનાઓ, બસ સ્ટેશન, રેલ્વેસ્ટેશન સહિતનાં જાહેર સ્થળોએ પણ સર્વે કરીને રીપોર્ટ જે–તે વિભાગ ધ્વારા કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે.







## ચાંદીનાં ભાવમાં વધારો થતાં ચોરીનાં બનાવ વધ્યા

# રાજુલાનાં ખારી ગામે ધાર્મિક સ્થાનમાંથી રૂપિયા ૪૭ હજારનાં ચાંદીનાં છતરની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૨

રાજુલા તાલુકાના ખારી ગામે આવેલ સુરાપુરા દાદાની ડેરીની અંદર સુરાપુરા દાદાને ચડાવેલ ચાંદીના છતર આશરે ૧૨૦ જેની કિંમત રૂપિયા ૪૭,૦૦૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ગત તા. ૨૯ના સાંજના આશરે સાતેક વાગ્યાથી તા. ૧૦ના સવારના આશરે નવેક વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યો ચોર સુરાપુરા દાદાની ડેરીમાં લોખંડનો દરવાજો ખોલી પ્રવેશ કરી ચોરી કરી લઈ ગયાની પોલીસમાં મધુભાઈ એભલભાઈ બુધેલાએ ફરિયાદ નોંધાવી છે.

## સામાન્ય બાબતે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ

# વડિયાનાં લુણીધાર ગામે યુવક સાથે બાઈક અથડાવવા બાબતે બઘડાટી બોલી

**યુવક અને તેના ભાભી ઉપર થયો હુમલો**

અમરેલી, તા. ૧૨

વડિયા તાલુકાના લુણીધાર ગામે રહેતાં અશોકભાઈ ધનજીભાઈ સોલંકી નામના ૩૭ વર્ષિય યુવકનો ભત્રીજો કૌશીક ગત તા. ૧૦ના રોજ સાંજે ૪:૧૫ સ્કુલેથી પોતાના ઘરે આવતો હોય તે વખતે તે જ ગામે રહેતાં નિખીલભાઈ અનીલભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)